# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૩ * અંક-૮ * એપ્રિલ, ૨૦૧૯



(ચૈત્ર સુદ ૧૩)
શ્રી મહાવીર જયંતી



## આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● અન્ય દ્રવ્યનો આગ્રહ કરવાથી ઉત્પન્ન થતાં આ વિગ્રહને હવે છોડીને, વિશુદ્ધ-પૂર્ણ-સહજજ્ઞાનાત્મક સૌખ્યની પ્રાપ્તિ અર્થે, મારું આ નિજ અંતર મારામાં—ચૈતન્યમાત્ર ચિંતામણિમાં નિરંતર લાગ્યું છે—તેમાં આશ્ચર્ય નથી, કારણ કે અમૃત ભોજનજનિત સ્વાદને જાણીને દેવોને અન્ય ભોજનથી શું પ્રયોજન છે ? ૧૭૨૮.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૧૩૦)

● પતિભક્તિ રહિત સ્ત્રી, સ્વામીભક્તિ રહિત નોકર, શાસ્ત્રભક્તિ રહિત યતિ તથા ગુરુભક્તિ રહિત શિષ્ય નિયમથી દુર્ગતિના પાત્ર છે. ૧૭૨૯.

(શ્રી કુંદકુંદાચાર્ય, રયણસાર, ગાથા-૮૧)

● હે ભગવાન ! આપ વીતરાગ છો તેથી આપને પૂજાનું કાંઈ પ્રયોજન રહ્યું નથી તથા આપ વેરભાવથી (દ્વેષબુદ્ધિથી) પણ રહિત છો તેથી નિન્દાનું પણ આપને કાંઈ પ્રયોજન રહ્યું નથી છતાં પણ પૂજા આદિ દ્વારા થતું આપના પવિત્ર ગુણનું સ્મરણ અમારા ચિત્તને પાપરૂપ કાલિમાથી બચાવે છે. ૧૭૩૦.

(શ્રી સમંતભદ્ર આચાર્ય, સ્વયંભૂ સ્તોત્ર, શ્લોક-૫૭)

● જેમ અગ્નિ ઈંધન વડે તૃપ્ત થતી નથી, સમુદ્ર હજારો નદી વડે તૃપ્ત થતો નથી તેમ સંસારી જીવ ત્રણલોકનો લાભ પ્રાપ્ત થાય તોપણ તૃપ્તિ પામતો નથી. ૧૭૩૧. (શ્રી શિવકોટિ આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૧૪૩)

● હું અનાદિકાળથી આત્મસ્વરૂપથી ચ્યુત થઈને ઇન્દ્રિયો દ્વારા વિષયોમાં પતિત થયો, તેથી તે વિષયોને પ્રાપ્ત કરી વાસ્તવમાં મને પોતાને હું તે જ છું—આત્મા છું એમ મેં ઓળખ્યો નહીં. ૧૭૩૨. (શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૧૬)

● પુણ્યોદય સહિત પુરુષને પણ ઈષ્ટવિયોગ અને અનિષ્ટસંયોગ થતો જોવામાં આવે છે. જુઓ અભિમાન સહિત ભરત ચક્રવર્તી પણ પોતાના નાના ભાઈ બાહુબલીથી હાર પામ્યા ! ૧૭૩૩. (સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૪૯)

● અભવ્યજીવ ભલે પ્રકાર જિનધર્મકો સુનકર ભી અપની પ્રકૃતિકો નહીં છોડતા હૈ. દૃષ્ટાંત હૈ કિ સર્પ ગુડસહિત દૂધકો પીતે રહને પર ભી વિષ રહિત નહીં હોતા હૈ. ૧૭૩૪. (શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૧૩૮)

● અર્હંતાદિકમાં ઉત્કૃષ્ટ ભક્તિ, સર્વ પ્રાણીઓમાં કરુણાભાવ અને પવિત્ર ચારિત્રના અનુષ્ઠાનમાં રાગ (આ બધું) પુણ્યબંધનું કારણ છે. ૧૭૩૫.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, બંધાધિકાર, ગાથા-૩૭)

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

વર્ષ–૧૩
અંક–૮

વિ. સંવત
૨૦૭૫

April
A.D. 2019

આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




હવે જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે તે વાત દૃષ્ટાંત દ્વારા સમજાવે છે.

આ પારકું એમ જાણીને પરદ્રવ્યને કો નર તજે,
ત્યમ પારકા સૌ જાણીને પરભાવ જ્ઞાની પરિત્યજે. ૩૫.

જેમ કોઈ પુરુષ ધોબીના ઘેરથી ભ્રમથી બીજાનું વસ્ત્ર લાવીને તેને પોતાનું જાણી ઓઢીને સૂતો છે તે પોતાની મેળે અજ્ઞાની થઈ રહ્યો છે. ત્યારે તે વસ્ત્રનો માલિક તેને ત્યાં જઈને તેનું વસ્ત્ર ખેંચીને વારંવાર કહે છે કે 'તું ! શીઘ્ર જાગ, સાવધાન થા, આ મારું વસ્ત્ર બદલામાં આવી ગયું છે તે મારું મને દે.'–એમ વારંવાર કહેવામાં આવતા તે માણસ ચિહ્નોની બરાબર પરીક્ષા કરીને, 'જરૂર આ વસ્ત્ર પારકું જ છે' તેમ જાણીને જ્ઞાની થયો થકો પરના વસ્ત્રને જલ્દી ત્યાગે છે.

તેમ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા જાણનાર છે, તે પરદ્રવ્યનો માત્ર જાણનાર છે. પરદ્રવ્યના લક્ષે જે વિકારીભાવો થાય છે તે પણ પરદ્રવ્ય છે. ભ્રમથી વિકારીભાવોને ગ્રહણ કરીને પોતામાં એકરૂપ કરતો થકો પોતાની મેળે અજ્ઞાની થઈ રહ્યો છે.

વર્તમાનમાં કર્મના સંગે થયેલા ભાવ તે પરભાવ છે. કેમ કે તે છૂટી જાય છે ને ભગવાન આત્મા આનંદની મૂર્તિ નિત્ય રહે છે. છતાં અજ્ઞાની ભ્રમણાથી પરભાવોને

નિજરૂપ જો નથી જાણતો, કરે પુણ્ય બસ પુણ્ય;
ભમે તો ય સંસારમાં, શિવસુખ કદી ન થાય. ૧૫. –શ્રી યોગસાર

ગ્રહણ કરે છે, પોતાના જાણે છે. અને એ રીતે પરભાવોને પોતામાં એકરૂપ કરતો થકો પોતાની મેળે અજ્ઞાની થયો છે, પણ કર્મના ઉદયથી અજ્ઞાની થયો નથી.

જ્યારે શ્રીગુરુ તેને, ચૈતન્યસ્વરૂપ પરમાત્મા ને રાગાદિ પરભાવો તે બેના ભેદજ્ઞાનનો વિવેક કરાવે છે ને કહે છે કે તું ચૈતન્યસ્વરૂપ છો, તું એક જ્ઞાનમાત્ર છો ને રાગાદિ ફોતરાં સમાન ભિન્ન છે એ રીતે શ્રીગુરુ તેને ભેદવિજ્ઞાન વડે એક આત્મભાવરૂપ કરીને કહે છે કે તું જાણનાર-દેખનાર છો માટે શીઘ્ર જાગ ને અન્ય સર્વ ભાવોને તત્કાળ છોડ.

વિકલ્પાદિ પરભાવો છે, તેમાં ચૈતન્યપ્રકાશના કિરણ નથી. એમ આગમનું વાક્ય શ્રીગુરુ પાસેથી વારંવાર સાંભળીને એટલે કે આગમનું આ વાક્ય વારંવાર રુચિથી સાંભળીને તેનું જ વારંવાર રટણ કરીને સ્વ-પરના સમસ્ત ચિહ્નો વડે સારી રીતે પરીક્ષા કરીને, 'આ પરભાવો જ છે, હું એક જ્ઞાનભાવ જ છું' એમ જાણીને જ્ઞાની થયો થકો સર્વ પરભાવોને તત્કાળ છોડે છે.

જ્ઞાન જ્ઞાનરૂપ જ છે, તે પરભાવોમાં નથી માટે રાગાદિ પરભાવો છે, ને હું જ્ઞાનમાત્ર જ છું—એ રીતે જ્ઞાનમાત્ર અસ્તિરૂપ સ્વસત્તાનું જ્ઞાન થતા સમસ્ત પરભાવો મારા નથી એમ જ્ઞાન થયું. હું ચૈતન્યસૂર્ય પ્રકાશનો પૂંજ છું એમ જાણવામાં આવતાં રાગાદિ પરભાવ છે તેમ જાણવામાં આવી જાય છે. એ રીતે જાણીને જ્ઞાની થયો થકો પરભાવને તત્કાળ છોડે છે તે રાગનું પચખાણ છે.

જ્ઞાનમાત્રમાં દૃષ્ટિ પડતાં રાગાદિ પરભાવો થતા જ નથી તેથી રાગાદિને છોડે છે એમ કહેવાય. પરમાર્થથી જોવામાં આવે તો રાગાદિ પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી એટલે કે હું એક જ્ઞાનમાત્ર જ છું એવી દૃષ્ટિ થતાં રાગના ત્યાગનું પણ કર્તાપણું પરમાર્થ તેને રહ્યું નથી. (૩૫)

## મૂઠીમાં રાખેલા સુવર્ણના ન્યાયે, શ્રીગુરુ શિષ્યને આતમરામ દેખાડે છે

નિજ-સ્વરૂપની સાવધાની છોડીને પરદ્રવ્યોના-રાગના સાવધાનપણાથી જીવ પાગલ જેવો થઈ રહ્યો હતો, તેને વિરક્ત ગુરુએ કરુણાબુદ્ધિથી ઉપદેશ આપીને સ્વરૂપમાં સાવધાન કર્યો. શ્રીગુરુએ સમજાવ્યો તેવા નિજ આત્માને પ્રથમ તો જાણ્યો. જાણીને તેનું શ્રદ્ધાન કર્યું ને તેનું જ આચરણ કરીને આતમરામ થયો. અનાદિ ઉન્મત્તપણાને છોડીને

**નિજ દર્શન બસ શ્રેષ્ઠ છે, અન્ય ન કિંચિત્ માન;**
**હે યોગી ! શિવ હેતુ એ, નિશ્ચયથી તું જાણ. ૧૬. –શ્રી યોગસાર**

આતમરામ થયો થકો તે જીવ એમ અનુભવે છે કે હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ, જ્ઞાયકસ્વભાવી એક શુદ્ધ, સર્વ પદાર્થોથી ભિન્ન પરિપૂર્ણ તત્ત્વ છું.

જીવનો ઉત્કૃષ્ટ સ્વભાવ પ્રગટ થાય ત્યારે તે કેવો હોય છે તે વાત સમજાવતાં આ જીવ-અજીવ અધિકારમાંનો જીવ અધ્યાય પૂરો કરે છે.

હું એક શુદ્ધ સદા અરૂપી,જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે ! ૩૮.

અનાદિ મોહરૂપ અજ્ઞાનથી જીવ ઉન્મત્તપણું પામ્યો હતો. પોતાના સ્વરૂપનું સાવધાનપણું છોડીને પરદ્રવ્યોના સાવધાનપણાથી ઉન્મત્તપણું પામીને અપ્રતિબુદ્ધ થયો હતો. તેને વિરક્ત ગુરુએ નિરંતર સમજાવતાં તે સાવધાન થયો. ગુરુ કેવા હોય !—કે વિરક્ત ગુરુ હોય. અંતરમાં રાગથી વિરક્ત ને સ્વરૂપમાં રત હોય તેવા વિરક્ત ગુરુ જ દેશનાલબ્ધિમાં નિમિત્ત હોય, અજ્ઞાની ગુરુના નિમિત્તે દેશનાલબ્ધિ ન પ્રગટે, પણ વિરક્ત ગુરુના ઉપદેશના નિમિત્તે દેશનાલબ્ધિ પ્રગટે.

અપ્રતિબુદ્ધને વિરક્ત ગુરુ નિરંતર ઉપદેશ આપીને સમજાવે છે ત્યારે તે સાવધાન થાય છે. વિરક્ત ગુરુ નિરંતર ઉપદેશ ન આપે. વિરક્ત ગુરુ વનવાસી હોય, તેઓ નિરંતર ઉપદેશ ન આપે. પરંતુ ગુરુના ઉપદેશને સાંભળીને સાંભળનાર વારંવાર ઉપદેશના તાત્પર્યને વાગોળ્યા કરે છે માટે ગુરુનો નિરંતર ઉપદેશ મળ્યો એમ કહેવાય.

જેમ મૂઠીમાં રાખેલું સુવર્ણ-વીંટી ભૂલી ગયો હોય ને ફરી યાદ કરીને સુવર્ણને-વીંટીને દેખે છે, તેમ રાગની મીઠાશની આડમાં સોળે કળાઓ શુદ્ધ સુવર્ણ સમાન આત્માને ભૂલી ગયો હતો. હવે ગુરુના નિરંતર ઉપદેશથી સાવધાન થઈને પોતાના પરમેશ્વર આત્માને જાણીને, તેનું શ્રદ્ધાન કરીને તેના આચરણ વડે આતમરામ થાય છે.

પોતે પોતાને ભૂલી ગયો હતો તેને ગુરુના ઉપદેશથી મહાભાગ્યે સાવધાન થઈને યાદ કરે છે કે હું તો જ્ઞાનથી, આનંદથી, વીર્યથી, સુખથી છલોછલ ભરેલો છું. હું તો ગુણોનું ગોદામ, સ્વભાવનું સંગ્રહાલય ને શક્તિનો સાગર છું. એ રીતે પૂર્ણાનંદના નાથના અસ્તિનું જ્ઞાન કરીને, તેનું શ્રદ્ધાન કરીને તેના આચરણ વડે આતમરામ થયો.

(ક્રમશઃ) ❋

**ગુણસ્થાનક ને માર્ગણા, કહે દૃષ્ટિ વ્યવહાર;**
**નિશ્ચય આત્મજ્ઞાન તે, પરમેષ્ઠી પદકાર. ૧૭. –શ્રી યોગસાર**




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન

(તા. ૧૨-૫-૪૪, શુક્રવાર) વ્યાખ્યાન નં. ૨૨
(ગાથા ૧૯)



૧—પરવસ્તુ રાગાદિ કરાવે એમ માને તે મિથ્યાદૃષ્ટિ.

૨—સ્વભાવમાંથી રાગાદિ આવે છે એમ માને તે મિથ્યાદૃષ્ટિ.

૩—મારો સ્વભાવ વીતરાગ હોવા છતાં અવસ્થામાં હજી પૂર્ણ વીતરાગતા નથી; અવસ્થામાં રાગાદિ થાય છે તે મારો સ્વભાવ નથી—પર કરાવતાં નથી આવું જેને ભાન છે તે સાધકસ્વભાવી સમ્યગ્દૃષ્ટિ છે.

૪—વસ્તુસ્વભાવમાં રાગદ્વેષ છે નહિ, પરદ્રવ્ય રાગાદિ કરાવતું નથી, આવું ભાન થયું છે અને અવસ્થામાં પણ જેને રાગાદિ રહ્યા નથી તે કેવળજ્ઞાની વીતરાગ છે.

શ્રી જિનેન્દ્રના ચરણકમળમાં ભ્રમરની પેઠે આ ચારમાંથી કોણ મત્ત થાય અર્થાત્ સ્વરૂપની લીનતા કોણ કરે? પહેલા બે તો મિથ્યાદૃષ્ટિ છે તેને સ્વરૂપની ખબર જ નથી માટે તેને લીનતા હોય નહિ; ચોથા તો વીતરાગ થઈ ગયા છે, એ તો સ્વરૂપમાં લીન છે જ, એટલે તેમને પણ લીન થવાનું રહ્યું નહિ. ત્રીજા સમ્યગ્દૃષ્ટિ સાધકને સ્વભાવનાં જ્ઞાન તથા શ્રદ્ધાન છે, મારા અંતર સ્વભાવમાં રાગાદિ નથી, પર કોઈ રાગાદિ કરાવતું નથી. વર્તમાન રાગ છે તે મારી અવસ્થાની નબળાઈથી થાય છે—તે પણ મારું સ્વરૂપ નથી—એવું ભાન છે, પણ હજી સંપૂર્ણ વીતરાગદશા થઈ નથી—એવા સાધક ધર્માત્મા સ્વરૂપની લીનતા કરીને શુદ્ધાત્માની પ્રાપ્તિ કરે છે. ધર્માત્મા સદાય—પર્યાયે પર્યાયે સ્વરૂપની લીનતાવડે જાણવા—દેખવાસ્વરૂપ શુદ્ધ આત્માની પ્રાપ્તિ કરતા જાય છે. એ રીતે સાધક સમ્યગ્દૃષ્ટિ શ્રી જિનેન્દ્રના ચરણકમળમાં ભ્રમરની પેઠે લીન થાય છે.

આચાર્યદેવ કહે છે કે—અહો! સજ્જનોને શુદ્ધાત્મા સિવાય બીજા કથનનું શું પ્રયોજન છે? આવા પરમ શુદ્ધ આત્માને સમજીને પછી બીજી શેની જરૂર છે? સજ્જનોને અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ જીવોને શુદ્ધ આત્માનો જ આદર છે; અધૂરાશ હોય ત્યાં

**ગૃહકામ કરતાં છતાં, હેયાહેયનું જ્ઞાન;**
**ધ્યાવે સદા જિનેશપદ, શીઘ્ર લહે નિર્વાણ. ૧૮. –શ્રી યોગસાર**

પુરુષાર્થની નબળાઈએ રાગ-દ્વેષની વૃત્તિ થાય ખરી પણ તેનો આદર નથી, તે રાગાદિ તરફ જોર નથી; વસ્તુએ ત્રિકાળ પરમાત્મા છું—એ તરફ જ જોર છે.

વસ્તુ ત્રિકાળ પરમાત્મસ્વરૂપ છે. અવસ્થાએ જ્યારે સંસારદશા પ્રગટ હોય ત્યારે પરમાત્મ—મોક્ષદશા પ્રગટ ન હોય અને જ્યારે મોક્ષદશા પ્રગટ હોય ત્યારે સંસારદશા પ્રગટ ન હોય. ત્યાર પછી એમ પણ કહ્યું કે સંસારદશામાં મોક્ષનો અને મોક્ષદશામાં સંસારનો આરોપ નયવિભાગથી કરી શકાય છે; આમ કહીને બધું સમસ્વરૂપ બતાવ્યું અર્થાત્ એક સમયની અવસ્થાના અનેક પ્રકારો પડે છે તે ભેદને ગૌણ કરી–તે ઉપરનું લક્ષ છોડાવી ત્રિકાળ એકસ્વરૂપ–સમસ્વરૂપ સ્વભાવ તરફ લક્ષ કરાવ્યું છે. ધર્માત્માને આ સિવાય બીજું શું જોઈએ? દુર્જનને સંસારની રુચિ હોય–તેની અહીં વાત નથી. અહીં તો જેને સ્વરૂપની રુચિ હોય અને જેના સંસારનો અંત આવ્યો હોય એવા સજ્જન ભવ્ય આત્માઓની વાત છે. ૧૯.

આ નિયમસારજીનો પ્રથમ જીવ અધિકાર પૂરો થાય છે. પહેલાં અધ્યાયમાં ઘણું સુંદર રહસ્ય આવ્યું છે. જીવદ્રવ્યના સ્વભાવને ઘણી સ્પષ્ટ રીતે વર્ણવ્યો છે. દ્રવ્યપર્યાય અને ગુણપર્યાયનું સ્વરૂપ અપૂર્વ અને અચિંત્ય રીતે વર્ણવ્યું છે. આત્મતત્ત્વનું સંપૂર્ણ રહસ્ય અલૌકિક રીતે સમજાવ્યું છે. દસથી પંદર ગાથાઓમાં તો વીતરાગદેવનાં અંતર રહસ્ય ખુલ્લાં કર્યાં છે, અંતરની મૂળ વાત મૂકી છે. જીવદ્રવ્ય વસ્તુએ, ગુણે અને અવસ્થાએ પણ ત્રિકાળ શુદ્ધ છે, સંસાર-મોક્ષ તો પરની અપેક્ષાએ એક સમયની ઉત્પાદ-વ્યયરૂપ અવસ્થામાં છે; પણ ઉત્પાદ-વ્યય રહિત અને પરની અપેક્ષા વગરની એક અવસ્થા અંદર છે તે ત્રિકાળ શુદ્ધ છે, તેને બંધ-મોક્ષ નથી. આત્મા અને ગુણો તો ત્રિકાળ શુદ્ધ છે, પરંતુ દરેક ગુણનો જે વર્તમાન ભાવ તે પણ ત્રિકાળ એકરૂપ શુદ્ધ છે. જેવા એકરૂપ સામાન્ય ગુણ છે તેવો જ તેનો એકરૂપ વર્તમાન–વિશેષ છે.

જેવા વસ્તુ-ગુણ તેવું જ તેનું કાયમ એક સરખું વર્તમાન છે, ત્યારે જ સામાન્ય-વિશેષરૂપ વસ્તુની પૂર્ણતા છે. વસ્તુ ધ્રુવ, ગુણ ધ્રુવ અને તેની પર્યાય પણ ત્રિકાળ ધ્રુવ! આ જ સમ્યગ્દર્શનનો વિષય છે. સંસાર કે મોક્ષદશા એ તો વ્યવહાર છે–તે સમ્યગ્દર્શનનો વિષય નથી; તે સિવાય, જેમ દ્રવ્ય-ગુણ સામાન્ય એકરૂપ છે તેમ તેનું વિશેષ (પર્યાય) પણ એકરૂપ છે–તે કારણપર્યાયનું વર્ણન ઘણી સૂક્ષ્મ રીતે જીવ અધિકારમાં કર્યું છે; કારણપર્યાય સૂક્ષ્મ છે, તેમાં એકાગ્ર થતાં સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાનદશા પ્રગટે છે; તે

**જિન સમરો, જિન ચિંતવો, જિન ધ્યાવો મન શુદ્ધ;**
**તે ધ્યાતાં ક્ષણ એકમાં, લહો પરમપદ શુદ્ધ. ૧૯. –શ્રી યોગસાર**

દશા પ્રગટ્યા પહેલાં પણ અનંત ગુણોની, તે ગુણોના આધારે અવસ્થા તો એકરૂપ જ હોવી જોઈએ; કેમકે તે અવસ્થા નિમિત્તની અપેક્ષાએ નથી પણ સ્વગુણના આધારે છે– તેથી તે એકરૂપ છે. આ બધું પદ્મપ્રભમલધારિદેવે ટીકામાં સ્પષ્ટ કર્યું છે, આવી સ્પષ્ટ ખુલ્લી વાત બીજે ક્યાંય નથી.

'પદ્મપ્રભમલધારિ' મુનિરાજ નિર્ગ્રંથ મુનિ હતા, જંગલમાં વસતા હતા, પાંચ ઈન્દ્રિયના વિષયો ઉપર લક્ષ ન હતું, એ તો સાતમા–છટ્ઠા ગુણસ્થાને ઝૂલી રહેલા સંત-મુનિ હતા, પાંચ ઈન્દ્રિય તરફના વિકલ્પના વલણથી સંકોચાઈને અંદર સ્વરૂપમાં ઢળ્યા છે. બાહ્યમાં શરીરમાત્રનો પરિગ્રહ છે અર્થાત્ નિર્ગ્રંથ છે. તેઓ કુંદકુંદાચાર્યદેવ પછી લગભગ ૧૦૦૦ વર્ષે એટલે આજથી લગભગ ૯૦૦ વર્ષ પૂર્વે થયા હતા, અને તેમણે આ નિયમસારશાસ્ત્રની અધ્યાત્મના ગૂઢ રહસ્યથી ભરેલી ટીકા રચી છે.

આ પ્રમાણે ભવ્યજીવોરૂપી કમલોના વિકાસને માટે સૂર્ય સમાન, પાંચ ઈન્દ્રિયના ફેલાવથી રહિત, શરીરમાત્ર પરિગ્રહના ધારી નિર્ગ્રંથ મુનિ શ્રી પદ્મપ્રભમલધારિ મુનિરાજરચિત, ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ કૃત શ્રી નિયમસારશાસ્ત્રની તાત્પર્યવૃત્તિ ટીકામાં પહેલો જીવ અધિકાર પૂરો થયો.

શાસનમાન્ય ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવે નિયમસારશાસ્ત્રની રચના કરી, શ્રી પદ્મપ્રભમલધારિદેવે તે પર તાત્પર્યવૃત્તિ ટીકા રચી, અને અધ્યાત્મયોગી સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ તે ઉપર વિસ્તૃત પ્રવચનો કર્યાં–તે પ્રવચનોમાંથી પ્રથમ જીવ અધિકાર ઉપરનાં પ્રવચનો પૂર્ણ થયાં.　　　　(ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૧૫ થી ચાલુ)　　　　(નિયમસાર)

પર્યાયમાં સંકોચ-વિસ્તાર પામ્યો, તે કર્મ અને શરીરના નિમિત્તે થયો છે એમ બતાવ્યું.

ઝાડ વધે, ઈયળ મોટી થાય, મનુષ્ય વધે–તેમાં જો જીવ છે તો તે વધે છે. એકલાં લાકડાં વગેરે વધતાં-ઘટતાં નથી. જો પુદ્ગલ સંકોચે ને વિસ્તરે તો કાષ્ઠ-પત્થર પણ વધે-ઘટે, માટે કહે છે કે જીવ વિના વધ-ઘટ થતી નથી. પથ્થરમાં એકેન્દ્રિય જીવ હોય તો તે વધે ઘટે છે. વળી એકલા જીવમાં સંકોચ-વિસ્તાર થાય તો સિદ્ધમાં થવો જોઈએ પણ ત્યાં સંકોચ-વિસ્તાર નથી. માટે જડ-ચેતન મળતાં સંકોચ-વિસ્તાર થાય છે. એવો સંસારદશામાં પર્યાયધર્મ છે.　　　　(ક્રમશઃ) ❋

**જિનવર ને શુદ્ધાત્મમાં, કિંચિત્ ભેદ ન જાણ;**
**મોક્ષાર્થે હે યોગીજન ! નિશ્ચયથી એ માન.　૨૦.　　–શ્રી યોગસાર**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે જીવના કર્તાપણાદિ સંબંધી ચાર ગાથાઓ કહે છે :—

**जीवो हवेइ कत्ता, सव्वं कम्माणि कुव्वदे जम्हा ।**
**कालाइलद्धिजुत्तो संसारं, कुणदि मोक्खं च ।।१८८।।**

અર્થ :—આ જીવ સર્વ કર્મ નોકર્મને કરતો થકો તેને પોતાનું કર્તવ્ય માને છે માટે તે કર્તા પણ છે, અને તે પોતાને સંસારરૂપ કરે છે; વળી કાળાદિ લબ્ધિથી યુક્ત થતો થકો પોતાને મોક્ષરૂપ પણ પોતે જ કરે છે.

ભાવાર્થ :—કોઈ જાણે કે આ જીવનાં સુખ-દુઃખ આદિ કાર્યોને ઈશ્વર આદિ કોઈ અન્ય કરે છે પણ એમ નથી. પોતે જ કર્તા છે–સર્વ કાર્યોને પોતે જ કરે છે, સંસાર પણ પોતે જ કરે છે, તથા કાળલબ્ધિ આવતાં મોક્ષ પણ પોતે જ કરે છે, અને એ બધાં કાર્યો પ્રત્યે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ સામગ્રી નિમિત્ત છે જ.

હવે ચાર ગાથાઓ દ્વારા જીવનું કર્તાપણું–ભોક્તાપણું આદિ બતાવે છે.

અજ્ઞાનદશામાં જીવ પોતાને પરનો કર્તા માને છે–એવી માન્યતાવાળો જડ નહીં પરંતુ ચેતન છે. અજ્ઞાની જીવ મોહભાવનો કર્તા થાય છે અને ધર્મી જીવ જ્ઞાનનો જ કર્તા થાય છે. એક પરમાણુને પણ બદલવાની ક્રિયા જીવ કરે એવું ધર્મી માનતો નથી. જીવ સ્વતંત્રરૂપે પોતાની સંસાર કે મોક્ષદશા કરે છે. જીવ કાળાદિલબ્ધિને કરતો થકો પોતા વડે પોતાની સંસાર કે મોક્ષદશાને કરે છે.

પુરુષાર્થ, નિયત, કાળ, સ્વભાવ અને કર્મ–આ પાંચેય લબ્ધિઓ વડે જીવ જ મિથ્યાત્વાદિ ભાવને કરે છે અને પોતે સમ્યગ્દર્શન પ્રગટ કરીને સિદ્ધદશા પ્રાપ્ત કરે છે. નિગોદથી લઈને મોક્ષ સુધીની બધી જ પર્યાયો, જીવ પોતાની કાળાદિલબ્ધિથી જ કરે છે. પરંતુ અજ્ઞાની જીવને આવી સ્વતંત્રતાનો નિર્ણય નથી. જે જ્ઞાતાસ્વભાવનો નિર્ણય કરે છે તેને જ કાળાદિલબ્ધિનું વાસ્તવિક જ્ઞાન થાય છે.

આ જીવ પોતે ઊંધો પુરુષાર્થ કરીને પાંચ લબ્ધિરૂપ પરિણમન કરીને સંસારમાં

**જિનવર તે આતમ લખો, એ સિદ્ધાન્તિક સાર;**
**એમ જાણી યોગીજનો, ત્યાગો માયાચાર. ૨૧. –શ્રી યોગસાર**

ભટકે છે, કર્મના કારણે નહીં, ક્ષેત્રના કારણે નહીં, પંચમકાળના કારણે પણ નહીં. આત્મા અનંત શક્તિનો પુંજ છે, તે પોતાની કાળાદિલબ્ધિથી જ પોતાની પર્યાયને કરે છે. જે સમયે સંસાર પર્યાય કરે છે તે સમયે તે પર્યાયનો કાળ છે, તે પર્યાયનો તેવો જ સ્વભાવ છે. તે સમય તેવો જ પુરુષાર્થ છે. તે પર્યાય થવાની નિયતિ છે અને તેમાં કર્મ નિમિત્ત છે તથા મોક્ષ થવામાં પણ જીવ પોતાની પાંચ લબ્ધિઓથી સંયુક્ત થઈને પોતાની મોક્ષદશા પ્રગટ કરે છે. અહો ! સંસાર અને મોક્ષ બંનેમાં જીવ પોતે પોતાનો કર્તા છે, બીજું કોઈ કારણ નથી. કર્મ, જીવને પરિભ્રમણ કરાવે છે અથવા નિમિત્તથી કાંઈક કાર્ય થાય છે—આ વાત સાચી નથી.

જેમને સમ્યગ્જ્ઞાન થયું છે, તેમને જ કાળાદિલબ્ધિનું યથાર્થ જ્ઞાન થાય છે. અજ્ઞાનીને ભલે કાળાદિલબ્ધિનું ભાન નથી પરંતુ તે જીવ પણ કાળાદિલબ્ધિથી જ સંસારમાં પરિભ્રમણ કરે છે. નિગોદનો જીવ, કર્મના કારણે નિગોદમાં નથી રહ્યો પણ તે તેની કાળાદિલબ્ધિથી વશ થઈ નિગોદમાં રહ્યો છે. અભવ્ય જીવ તેની કાળાદિલબ્ધિથી જ સંસારમાં પરિભ્રમણ કરે છે, કર્મના કારણે નહીં. છએ દ્રવ્યમાં પોત-પોતાની કાળલબ્ધિ છે. ભગવાને જીવને સંસારમાં પરિભ્રમણ કરાવ્યું જ નથી, કર્મને કારણે પણ જીવ ભટકતો નથી. જીવ પોતાના સ્વભાવને ભૂલીને તે-તે પર્યાયની કાળાદિલબ્ધિથી પોતાને સંસારરૂપ કરે છે અને પોતે જ સ્વભાવના પુરુષાર્થથી સુકાળલબ્ધિ આદિ પ્રાપ્ત કરીને પોતાને મોક્ષરૂપ કરે છે. જુઓ, આમ સમજવાથી પરાશ્રયબુદ્ધિનો અભાવ થઈ જાય છે અને સ્વભાવનો આશ્રય થાય છે.

જુઓ ! આ ગાથા ૧૮૮ થી ૧૯૧ સુધીની ચાર ગાથાઓમાં આચાર્યદેવે સમ્યક્ વસ્તુસ્થિતિ સ્પષ્ટ કરી દીધી છે. એમાં કાળાદિલબ્ધિ કહીને લોકનું નિયતસ્વભાવ બતાવી દીધો છે. જગતમાં બધા પદાર્થ પોત-પોતાની કાળલબ્ધિથી પરિણમિત થઈ રહ્યા છે. તેમાં નિમિત્ત શું કરે ?

કહેવાનું એટલું કે ઈશ્વર આદિ અન્ય કોઈ પણ આ જીવ માટે સંસાર-મોક્ષનો કર્તા નથી એટલે કે કર્મ અને નિમિત્ત કોઈપણ જીવને સંસાર અને મોક્ષ નથી કરાવતા. જીવ પોતેજ કાળલબ્ધિ પ્રાપ્ત કરીને પોતાનો સંસાર અને મોક્ષભાવને કરે છે. 'કાર્ય પોતાના કાર્યકાળમાં જ થાય છે.'—એમ કાળલબ્ધિનું સ્વરૂપ નિશ્ચિત કરે તો વસ્તુ ઉપર દૃષ્ટિ જાય છે. જ્ઞાન-સ્વભાવની સન્મુખતા વગર કાળલબ્ધિનો સાચો નિર્ણય થતો નથી.

**જે પરમાત્મા તે જ હું, જે હું તે પરમાત્મા;**
**એમ જાણી હે યોગીજન ! કરો ન કાંઈ વિકલ્પ. ૨૨. –શ્રી યોગસાર**

અહો ! બધું જ વ્યવસ્થિત છે. એવું નક્કી થવાથી તે જીવ સમસ્ત પરથી ઉદાસીન થઈ ગયો અને પર્યાય ઉપરની દૃષ્ટિ છોડીને જ્ઞાનસ્વભાવ ઉપર દૃષ્ટિ થવાથી ધ્રુવસ્વભાવની સન્મુખ થયો તેને જ કાળલબ્ધિનો વાસ્તવિક નિર્ણય થયો છે. તે જીવ સીધો પુરુષાર્થ કરે છે, તેને સાચા દેવ-ગુરુ આદિ યોગ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની સામગ્રી પણ નિમિત્ત થાય છે. કાર્ય તો પોતાની કાળલબ્ધિ આદિથી થાય છે. પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પોતાનું કાર્ય નથી થતું—એમ વસ્તુસ્વભાવની પ્રતીતિ થવી ધર્મ છે અને તેનાથી ઊંધી માન્યતા કરવી અધર્મ છે.

**जीवो वि हवइ भुत्ता, कम्मफलं सो वि भुंजदे जम्हा।**
**कम्मविवायं विविहं, सो वि भुंजेदि संसारे ।।१८९।।**

અર્થ :—કારણ કે જીવ કર્મનું ફળ આ સંસારમાં ભોગવે છે માટે ભોક્તા પણ તે જ છે; વળી સંસારમાં સુખ-દુઃખરૂપ અનેક પ્રકારના કર્મના વિપાકોને પણ તે જ ભોગવે છે.

જુઓ, આ લોક અનુપ્રેક્ષામાં જીવદ્રવ્યનું વર્ણન ચાલી રહ્યું છે. તેમાં આ ૧૮૯મી ગાથામાં જીવના ભોક્તાપણાની વાત છે.

ભગવાન સર્વજ્ઞદેવે લોકનું જેવું સ્વરૂપ જોયું છે, તેવું જ ધર્મી જીવ વિચાર કરે છે. મારો આત્મા, જ્ઞાન અને આનંદસ્વરૂપ છે અને શરીરાદિ તો મારાથી પર છે—એવા ભાનપૂર્વક ધર્મી જીવને લોક ભાવના થાય છે. જે સિદ્ધ ભગવાન થયા છે, તે બધા અંતરંગ શક્તિથી થયા છે અને મારામાં પણ એવી શક્તિ છે જેનાથી હું પણ સિદ્ધ થવાવાળો છું, આ પ્રમાણે જેને પોતાના સ્વભાવની પ્રતીતિ થાય છે તેને જ સાચી ભાવના થાય છે.

ઘણા જીવ વિચારે છે કે સંસારમાં જીવને રાગાદિભાવ થાય છે. તેનાથી કર્મનો બંધ થાય છે અને તે કર્મના ફળસ્વરૂપ હર્ષ-શોકને જીવ એકલો જ ભોગવે છે. પરચીજને કોઈ આત્મા ભોગવતો નથી. કેમકે તે આત્માથી અલગ છે. પૂર્વે જીવે જેવો વિકારભાવ કર્યો, તેવો કર્મનો બંધ થયો અને તેના ફળ સ્વરૂપ જે બાહ્ય સંયોગ પ્રાપ્ત થયો તેમાં હર્ષ-શોક કરીને જીવ એકલો જ તેને ભોગવે છે. કોઈ ઈશ્વર જીવને કર્મનું ફળ દેતા નથી. સંયોગ-વિયોગ તો આત્માથી અલગ છે, તેને તો અજ્ઞાની પણ ભોગવી શકતો નથી પરંતુ તેને જાણતો થકો જ્ઞાતાસ્વભાવને ભૂલીને અજ્ઞાની જીવ હર્ષ-શોક કરે છે. અને તે હર્ષ-

**શુદ્ધ પ્રદેશી પૂર્ણ છે, લોકાકાશપ્રમાણ;**
**તે આતમ જાણો સદા, શીઘ્ર લહો નિર્વાણ. ૨૩. –શ્રી યોગસાર**

શોકનો તે એકલો જ અનુભવ કરે છે. કર્મ કાંઈ તેને હર્ષ-શોક નથી કરાવતો. આહા! અનંત અરિહંત અને સિદ્ધ થઈ ગયા છે તેવી જ મારી જાતિ છે—એવું ભાન અજ્ઞાની નથી કરતો. આ કારણે તે હર્ષ-શોકને ભોગવે છે.

પ્રશ્ન :—જો આત્મા પોતાના સુખ-દુઃખના ભાવને ભોગવે છે તો બાહ્યમાં સ્વર્ગ-નરકાદિના ભોગ્ય સ્થાનોની શું આવશ્યકતા છે?

ઉત્તર :—ઉપાદાનરૂપથી તે પોતાના સુખ-દુઃખનો પોતે જ ભોક્તા છે પરંતુ તે સમયે નિમિત્તરૂપ કેવા સંયોગ હોય છે—તે બતાવ્યું છે. સ્વર્ગ-નરકાદિનો સંયોગ નિમિત્ત છે અને તે પ્રમાણે સુખ-દુઃખને ભોગવવાની યોગ્યતાવાળા જીવને તેવો સંયોગ થાય છે.

તેતે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ,
ગહન વાત હૈ શિષ્ય યહ, કહી સંક્ષેપે સાબ.

નરક અથવા સ્વર્ગનો સંયોગ નિમિત્તરૂપ છે, તે સમયે પણ જીવ પોતાના ભાવને જ ભોગવે છે, કોઈ સંયોગને ભોગવતો નથી, પરંતુ જીવની જેવી યોગ્યતા હોય છે, તે અનુસાર સ્વર્ગ કે નરક આદિનો સંયોગ નિમિત્તરૂપ થાય છે.—એવી વસ્તુસ્થિતિ છે. સંસારમાં સુખ-દુઃખરૂપ અનેક પ્રકારના કર્મફળને જીવ એકલો ભોગવે છે.

જુઓ, સંસારના ભાવમાં દુઃખ જ દુઃખ છે પરંતુ અજ્ઞાની જીવોને સંયોગમાં સુખ લાગે છે. લોકો સંસારમાં અનુકૂળ સંયોગમાં સુખ માને છે. આ અપેક્ષાથી અહીં કહેવામાં આવ્યું છે પરંતુ હકીકતમાં આત્માના સ્વભાવ સિવાય ક્યાંય પણ સુખ નથી. ધર્મી જીવ સંયોગમાં સુખ માનતા નથી. અજ્ઞાની માને છે કે પરવસ્તુ વગર મને ચાલે તેમ નથી, પણ ભાઈ ! ત્રણે કાળમાં તારામાં પરનો અભાવ જ છે, માટે હમેશા પર વગર ચાલે છે. પરવસ્તુ ભિન્ન છે, તે આત્માની સાથે કોઈ'દી એકમેક થતી નથી, તો પણ અજ્ઞાનીને ભ્રમ છે કે મારું સુખ પરમાં છે.

જીવ-અજીવ આદિ નવતત્ત્વ અલગ-અલગ છે, એમાં આત્મતત્ત્વને ઓળખીને અંતરમાં એકાગ્ર થવાથી ધર્મ થાય છે. પરમાં સુખ-દુઃખની કલ્પના કરવી અપરાધ છે. તે જીવનો મૂળભૂત સ્વભાવ નથી. જીવનું મૂળસ્વરૂપ તો જ્ઞાનાનંદ છે—એવું જ્ઞાન કરીને કેવળજ્ઞાન અને પરમાર્થદશા પ્રગટ થાય છે. (ક્રમશઃ) ❊

**નિશ્ચય લોકપ્રમાણ છે, તનુપ્રમાણ વ્યવહાર;**
**એવો આતમ અનુભવો, શીઘ્ર લહો ભવપાર. ૨૪. –શ્રી યોગસાર**



## અનુભવપ્રકાશ ઉપર
## પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

સ્વભાવસન્મુખનો પુરુષાર્થ એ જ અનુભવપ્રકાશ છે. અનંતા ગુણોના પિંડરૂપ સ્વભાવની પ્રતીતિ કરતાં જે મોક્ષમાર્ગ પ્રગટે છે તે અનાદિકાળથી કેમ પ્રગટ્યો નહિ? કર્મ કે ક્ષેત્ર કારણ નથી પણ પોતે વિપરીતરૂપે પરિણમે છે, માટે મોક્ષમાર્ગ પ્રગટતો નથી. આત્મામાં સમ્યક્ત્વ નામનો ગુણ છે, તેની ઊંધી અવસ્થા થઈ તેથી વિપરીતને અવિપરીત માને, સ્વને પર માને, વિભાવને સ્વભાવ માને—આમ વિપરીત માને છે. કર્મોએ પરિણમાવેલ નથી. આત્મામાં જ્ઞાન-દર્શન ગુણ છે, તે પરમાં અટકીને હીણા થયા છે. આત્મામાં સમ્યક્ત્વગુણ પોતાનો છે, પણ વિપરીતબુદ્ધિ કરીને મિથ્યાત્વરૂપે પરિણમ્યો. પુણ્યને હિતકર માને, સ્વભાવને દુઃખરૂપ માને,—એમ માની વિપરીતતા કરેલ છે, ઊંધી રમત કરે કે સવળી રમત કરે તે પોતે કરે છે. રમતિયાળ પોતે રમે છે, બીજી ચીજ કાંઈ કરતી નથી.

હવે, ચારિત્રગુણ આત્મામાં છે. જે યથાખ્યાતચારિત્ર સિદ્ધને પ્રગટ થયું તે ક્યાંથી પ્રગટ્યું? ચારિત્રગુણમાંથી તે પ્રગટે છે; પણ અનાદિથી શરીર, મન, વાણી, દયા-દાનાદિમાં તથા કામ-ક્રોધાદિમાં આચરણ કરે છે ને તેને સ્વઆચરણ માને છે, પણ તે બધો વિભાવભાવ છે.—આમ, ચારિત્રગુણની વિપરીતતા કરી રહ્યો છે. અહીં ચારિત્રમોહનીય કર્મને યાદ કરેલ નથી. આત્મા પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપને આચરે ને રમે એવો ગુણ છે, તેને બદલે જડની ક્રિયાથી સ્વ-આચરણ માને, શરીરના વીર્યથી આત્માના અંતરવીર્યને મદદ થાય—એમ માને, બ્રહ્મચર્યના શુભભાવ થાય તેનાથી ચારિત્ર માને,—એ રીતે ચારિત્રગુણ ઊલટો થઈ રહ્યો છે. પુણ્ય-પાપમાં બધી શક્તિ રોકાઈ ગઈ છે, તેથી સ્વરૂપ તરફ જોતો નથી. સ્વભાવનો અનુભવ કરવાને બદલે પર આચરણ કરી રહ્યો છે. પોતાનો દોષ જાણે તો ટાળી શકે પણ પરને લીધે દોષ ટાળવાનો અવસર રહેતો નથી. આ પ્રમાણે જીવનો સ્વચારિત્રગુણ વિકારરૂપે પરિણમે છે. આત્મામાં કેવળજ્ઞાન-દર્શન-આનંદરૂપ થવાની શક્તિ છે, એવો વીર્ય નામનો ગુણ છે. જીવનું સર્વ સ્વરૂપ પરિણમાવવાના બળરૂપ વીર્યગુણ વિદ્યમાન છે, પણ શરીરની ક્રિયામાં રોકવાથી તે નિર્બળ

**લક્ષ ચોરાશી યોનિમાં, ભમિયો કાળ અનંત;**
**પણ સમકિત તેં નવ લહ્યું, એ જાણો નિર્ભ્રાન્ત. ૨૫. –શ્રી યોગસાર**

થયું છે. શરીરમાં વીર્ય વધારે હોય તો આત્માનું વીર્ય વધે ને શરીરમાં વીર્ય ઓછું હોય તો આત્માનું વીર્ય ઘટે—એમ છે જ નહિ. પોતાના જ્ઞાનાનંદ સ્વભાવમાં વીર્ય રોકવું જોઈએ, તેને બદલે પર પદાર્થોમાં ને રાગાદિમાં રોકવાથી તે નબળું થયું છે. તે પોતાનો દોષ છે—આ પ્રમાણે જીવનો વીર્યગુણ વિકારરૂપ પરિણમ્યો છે.

હવે, આત્મામાં આનંદગુણ ઊલટો કેમ થયો ? આત્મામાં પરમાનંદ ભોગવવાનો ગુણ અનાદિનો છે. જે હોય તે જાય નહિ ને ન હોય તે બહારથી આવે નહિ. સ્વને ચૂકીને બહારમાં લક્ષ કરે છે ને હરખ, શોક, રતિ, અરતિના ભાવ કરે છે, તેથી તે આનંદનો ભોગવટો નથી; પરપરિણામનો રસ લીધા કરે છે. પોતે જ્ઞાનાનંદ છે, આનંદને ભોગવનાર છે, તેને ભૂલી હરખ-શોકાદિ વિકારને ભોગવે છે. લાડવા, દાળ, ભાત, શરીર વગેરેને કોઈ જીવ ભોગવતો નથી; પણ જડમાં એકાગ્રતા કરી હરખ-શોક કર્યા, માટે આનંદગુણ ઊલટો પરિણમ્યો છે. આનંદમૂર્તિ આત્માના શ્રદ્ધા, જ્ઞાન, આચરણ કરી તેનો રસ લેતો નથી, પણ કર્મના નિમિત્તે શાતા-અશાતા, પુણ્ય-પાપરૂપ પરપરિણામના ઘણા પ્રકારના વિકારના રસને ભોગવે છે. અનાકુળ સ્વભાવની સર્વ શક્તિ પરપરિણામને જ આસ્વાદે છે, તે પરસ્વાદ પરમ દુઃખરૂપ છે.લાડવા ખાતી વખતે રાગનું દુઃખ છે; લાડવાદિ પરનો રસ જીવ લેતો નથી, પણ તે પ્રત્યેના રાગનો રસ લ્યે છે ને ન ગોઠે ત્યારે દ્વેષનો રસ લ્યે છે. પોતાના આનંદને ચૂકી શોકને અનુભવે છે. શરીરની પીડાને ભોગવતો નથી પણ અરતિના પરિણામને ભોગવે છે. આ રીતે પરમાનંદશક્તિરૂપ ગુણ દુઃખ-વિકારરૂપ પરિણમ્યો. કર્મની વાત લીધી નથી. અંતર્મુખ-દૃષ્ટિ કર—એમ કહે છે. જગતમાં જે આનંદ મનાય છે તે બધું દુઃખ છે. એ રીતે જીવનો પરમાનંદગુણ દુઃખ—વિકારરૂપ પરિણમ્યો.

એ પ્રમાણે આ જીવના બીજા ગુણો જે-જે વિકારી થાય છે તે બીજા ગ્રંથોથી જાણવા. કર્તા નામનો ગુણ છે. તે રાગ-દ્વેષ કરી વિકારરૂપે પરિણમે છે. નિર્મળતા વ્યક્ત કરવાની શક્તિરૂપ કર્મગુણ છે, તે દુઃખરૂપ પરિણમે છે. કરણ-સાધન નામનો ગુણ વિકારનું સાધન કરી રહ્યો છે ને ઊલટો પરિણમે છે. સંપ્રદાન, અપાદાન, અધિકરણ, વૈભાવિક વગેરે ગુણો ઊલટા પરિણમે છે. જેટલા ગુણો ઊંધા પરિણમ્યા છે, તે ગુણોના વિકારને ચિદ્વિકાર નામ કહેવું. ગુણ-ગુણની અનંતી શક્તિ કહી છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, અસ્તિત્વ, સ્વચ્છત્વ, વિભુત્વ આદિ દરેક ગુણની અનંતી શક્તિ છે. એક સત્તા

**શુદ્ધ સચેતન બુદ્ધ જિન, કેવળજ્ઞાનસ્વભાવ;**
**એ આતમ જાણો સદા, જો ચાહો શિવલાભ. ૨૬. –શ્રી યોગસાર**

નામનો ગુણ છે, તે અનંતા ગુણોમાં વિસ્તર્યો છે, માટે ગુણની અનંતી શક્તિ કહેવાણી. એક આત્મામાં અનંતા ગુણો છે. દર્શન અસ્તિપણે, જ્ઞાન અસ્તિપણે, એવી અસ્તિપણાની અનંતી શક્તિ છે. બધા ગુણોની આસ્તિક્યતા સત્તાથી થઈ. 'છે' એવા ગુણથી અનંતા ગુણોની અસ્તિ થઈ. જો સત્તા ન હોય તો તેનું અસ્તિત્વ કેવી રીતે હોય? તે ગુણોનું ઉપાદાનકારણ તે-તે ગુણ છે, પણ સત્તાગુણ નિમિત્ત છે. સત્તાગુણ અનંતા ગુણોની જાહેરાત કરે છે. 'છે' એવા ગુણે બધા ગુણોને શાશ્વત રાખ્યા. દ્રવ્યનું લક્ષણ સત્ છે. જ્ઞાનગુણ 'છે' એમ કેમ કહેવાય? સત્તાને લીધે બધામાં 'છે'—પણું વ્યાપેલું છે. દરેક ગુણ અસહાય છે. પણ તે ગુણ 'છે' એ કેમ લાગુ પાડ્યું?

સત્તાગુણને લીધે હોવાપણું છે, માટે દ્રવ્યનું લક્ષણ સત્ કહ્યું છે. સત્તાએ બધાને શાશ્વત રાખ્યા.

જો ચેતનાના અનંતા ગુણોનું સ્વરૂપ અસત્તા હોત તો જ્ઞાનસ્વરૂપ ચેતનાનો મહિમા અવિનાશી, નિત્યાનંદ ધ્રુવરૂપે ન રહેત. જે વસ્તુ-સત્ છે તે સત્ ન હોય તો તેનો જ્ઞાનાનંદ ન રહેત. આત્મા સચ્ચિદાનંદરૂપ છે. સત્+ચિત્+આનંદ=પોતે જ્ઞાન ને આનંદસ્વરૂપ છે.

'સત્ દ્રવ્ય લક્ષણમ્' દ્રવ્ય લક્ષ્ય છે ને સત્તા લક્ષણ છે એ વાતથી શરૂ કર્યું. જડમાં સત્પણું છે, પણ જ્ઞાનાનંદપણું નથી. ભગવાન આત્માનું સત્ લક્ષણ છે ને જ્ઞાનાનંદ તેનું રૂપ છે, માટે સચ્ચિદાનંદરૂપ વડે આત્મા પ્રધાન છે. તે પાંચ અજીવ દ્રવ્યોમાં નથી.

આત્મા અરૂપી છે, તેમાં સ્પર્શ, રસાદિ નથી. તેમાં ત્રણ લોકને જાણવા-દેખવાની શક્તિ છે. દર્પણની જેમ લોકાલોક ભાસવારૂપી સ્વચ્છત્વશક્તિ વગેરે અનંતી શક્તિ તેમાં રહેલી છે, છતાં કર્મોની સંગતિ વડે અવરાઈ ગયો છે ને શરીરપ્રમાણ સંકોચ-વિસ્તાર થાય છે.

કોઈ પ્રશ્ન પૂછે કે—આત્મા આકાશવત્ કેવી રીતે સંકોચ વિસ્તાર પામે?

સમાધાન—સંકોચ-વિસ્તાર અનિત્ય પર્યાયનો ધર્મ છે, પણ સ્વભાવનો ધર્મ નથી. સંકોચ-વિસ્તાર પરના સંયોગે થાય છે. એક સાંકળી નાના છોકરાને પહેરાવતાં ડોકમાં ઘણા સરા લેવા પડે ને મોટા છોકરાને થોડા સરા લેવા પડે, પણ સાંકળીમાં સોનું ને મકોડા તો એટલા ને એટલા છે, તેમ આત્મા જે જે શરીરમાં ગયો તે તે શરીરના આકારે

(જુઓ અનુસંધાન પેજ નં. ૮ ઉપર)

**જ્યાં લગી શુદ્ધસ્વરૂપનો, અનુભવ કરે ન જીવ;**
**ત્યાં લગી મોક્ષ ન પામતો, જ્યાં રુચે ત્યાં જાવ. ૨૭. –શ્રી યોગસાર**

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

## ધર્મની પહેલી ભૂમિકા

### (૨) દુઃખ છે તે નક્કી કરીએ

કોઈ કહે કે જીવને દુઃખી કેમ કહેવાય ? પૈસા, ખાવાપીવાની સગવડ વગેરે જોઈએ તે મળતું હોય છતાં તેને દુઃખી કેમ કહેવાય ?

તેનો ઉત્તર :—ભાઈ ! તને પરવસ્તુ મેળવવાની ઈચ્છા થાય છે કે નહીં ? મને પર સામગ્રી પૈસા વગેરે હોય તો ઠીક ! એ બધા હોય તો મને સુખ થાય એવી તને અંતરથી ઈચ્છા થાય છે કે નહીં ? બસ ! ઈચ્છા થાય છે તે જ દુઃખ છે, કારણ કે જો તને દુઃખ ન હોય તો પરવસ્તુ મેળવીને સુખ લેવાની ઈચ્છા થાય નહિ.

અહીં અજ્ઞાનપૂર્વક ઈચ્છાની વાત છે, કારણ કે અજ્ઞાન—ભૂલ ટળ્યા પછી અસ્થિરતાને લઈને થતી જે ઈચ્છા તેનું દુઃખ અલ્પ છે. મૂળ દુઃખ અજ્ઞાનપૂર્વકની ઈચ્છાનું જ છે. ઈચ્છા કહો, દુઃખ કહો, અધર્મ કહો, અકળામણ કહો કે મુંઝવણ કહો બધાનો અર્થ એક જ છે. તે મિથ્યાપણાનું ફળ છે. પોતાના સ્વરૂપની અભાનદશામાં ઈચ્છા વગર જીવનો એક સમય પણ જતો નથી. નિરંતર પોતાને ભૂલીને ઈચ્છા થયા જ કરે છે અને એ જ દુઃખ છે.

જીવની મોટી ભયંકર ભૂલ છે તેથી મોટું દુઃખ છે એટલે કે જીવને એક પછી એક ઈચ્છા સાંધ મારતી–અટક્યા વગર—થયા જ કરે છે. તે મહાન દુઃખ છે. તેનું કારણ મિથ્યાત્વ–ઊંધી માન્યતા–મહાન ભૂલ છે. મિથ્યાત્વ શું છે ? તે હવે કહેવાય છે.

### (૩) મિથ્યાત્વ શું છે ?

જો મિથ્યાત્વ તે દ્રવ્ય કે ગુણ હોય તો ટાળી ન શકાય, પણ જો મિથ્યાત્વ તે પર્યાય હોય તો પર્યાય બદલાવી શકાય—મિથ્યાત્વ ટાળી શકાય.

હવે મિથ્યાત્વ તે ઊંધાઈ છે. ઊંધાઈ કહેતાં જ એમ આવ્યું તે ફેરવીને સવળાઈ કરી શકાય છે. મિથ્યાત્વ તે જીવના કોઈ એક ગુણની વર્તમાન ઊંધી અવસ્થા છે અને અવસ્થા છે તે સમયે સમયે પલટે છે. તેથી મિથ્યાત્વ એક સમયની અવસ્થા હોવાથી તે ટાળી શકાય છે.

**ધ્યાનયોગ્ય ત્રિલોકના, જિન તે આતમ જાણ;**
**નિશ્ચયથી એમ જ કહ્યું, તેમાં ભ્રાન્તિ ન આણ. ૨૮. –શ્રી યોગસાર**

જીવના ક્યા ગુણની ઊંધી અવસ્થા તે મિથ્યાત્વ છે ?

હું કોણ છું, મારું સાચું સ્વરૂપ શું છે, આ ક્ષણિક સુખ-દુઃખની લાગણીઓ થાય છે તે શું છે ? પુણ્ય-પાપનો વિકાર શું છે ? પરવસ્તુ દેહાદિ મારા છે કે નહિ—એમ સ્વ-પરની યથાર્થ માન્યતા કરનારો જે ગુણ તે ગુણની ઊંધી દશા એ મિથ્યાત્વ છે એટલે કે આત્મામાં માન્યતા (શ્રદ્ધા) નામનો ત્રિકાલ ગુણ છે તેની ઊંધી અવસ્થા તે મિથ્યાત્વ છે.

જીવ પોતે જેવી માન્યતા ધરાવે તેવું તે આચરણ કરે. એટલે કે જ્યાં જીવની માન્યતામાં ભૂલ હોય ત્યાં તેનું વર્તન પણ ઊંધું જ હોય, જીવની માન્યતા ઊંધી હોય અને આચરણ સાચું હોય એમ કોઈ કાળે બને જ નહિ. જ્યાં જ્યાં ઊંધી માન્યતા હોય ત્યાં જ્ઞાન પણ ઊંધું જ હોય.

સ્વરૂપની માન્યતા કરનાર શ્રદ્ધા નામનો જીવનો જે ગુણ છે તેને પોતે પોતાથી ઊંધો કર્યો છે, તેને મિથ્યા માન્યતા કહેવાય છે, તે અવસ્થા છે તેથી ટળી શકે છે.

તે ભયંકર ભૂલ કોણ ટાળે ? જીવની પોતાની તે અવસ્થા હોવાથી જીવ પોતે તે ટાળી શકે છે. પોતાના સ્વરૂપની સૌથી મોટી ભયંકરમાં ભયંકર ભૂલ ક્યારથી ચાલી આવે છે ?

હે ભાઈ ! વર્તમાનમાં તને ભૂલ છે ? જો વર્તમાનમાં તને ભૂલ છે તો પૂર્વે પણ ભૂલ હતી. જો પૂર્વે તદ્દન ભૂલ વગરનો થઈ ગયો હો તો વર્તમાન ભૂલ આવે નહીં. પૂર્વે પાકી—ન ખસે એવી—સાચી સમજણ કરી હોય અને ખસી ગઈ હોય તો ? એવા પ્રશ્નનો ઉત્તર આપે છે.

જેમ હું દશાશ્રીમાળી વાણિયો છું એવું જ્ઞાન પોતે કદી ભૂલી જતો નથી. 'હું દશાશ્રીમાળી વાણિયો' એ નામ તો જન્મ્યા પછી પોતે માન્યું છે. ૨૫-૫૦ વરસથી શરીરનું નામ મળ્યું છે. કાંઈ આત્મા પોતે વાણિયો નથી છતાં તે ઘૂંટાઈને કેટલું દૃઢ થઈ ગયું છે ! જ્યારે બોલાવો ત્યારે કહે કે 'હું વાણિયો, હું કોળી—વાઘરી નહીં'. આ થોડા વરસથી મળેલું શરીરનું નામ પણ ભૂલાતું નથી, તેમ પરવસ્તુ—શરીર-વાણી-મન, બહારના સંયોગો તથા પર તરફના વલણથી થતાં રાગ-દ્વેષના વિકારી ભાવોથી ભિન્ન પોતાના શુદ્ધ આત્માનું પૂર્વે પાકું ભાન—સાચી સમજણ કરી હોય તો તે કેમ ભૂલાય ? જો પૂર્વે પાકી સાચી સમજણ કરી હોય તો વર્તમાનમાં ઊંધાઈ ન હોય, વર્તમાનમાં ઊંધાઈ દેખાય છે માટે પૂર્વે પણ જીવે ઊંધાઈ જ કરી છે.

**જ્યાં લગી એક ન જાણિયો, પરમ પુનિત શુદ્ધ ભાવ;**
**મૂઢ તણાં વ્રત-તપ સહુ, શિવહેતુ ન કહાય. ૨૯. –શ્રી યોગસાર**

તું આત્મા અનંત ગુણનો પિંડ અનાદિ–અનંત છે. તે અનંતગુણોમાં એક માન્યતા—શ્રદ્ધા નામનો ગુણ પણ અનાદિ-અનંત છે. તે માન્યતા નામના ગુણની અવસ્થા તારી ઊંધાઈથી અનાદિથી તેં ઊંધી કરી છે. અને તેને તું લંબાવ્યે જાય છે. ભૂલ–ઊંધાઈ વર્તમાન અવસ્થામાં છે તેથી તે ટળી શકે છે.

**(૪) અગૃહીત મિથ્યાત્વ**


અનાદિથી તું આત્મા વસ્તુ છે એટલે 'જ્યારથી જન્મું ત્યારથી માંડીને મરું ત્યાં સુધીનો જ હું છું' એવી માન્યતા છે તે ઊંધી છે, કેમકે જે વસ્તુને કદી કોઈએ ઉત્પન્ન કરી નથી તે વસ્તુનો કદી નાશ જ ન થાય. હું જન્મું ત્યારથી લઈને મરું ત્યાર સુધીનો જ છું એવી જીવની મહા ઊંધી માન્યતા છે, કેમકે મારા મરણ પછી પૈસા રહેશે તેનું વીલ કરું એમ જીવ માને છે. પરંતુ મરણ પછી ક્યાંક જવાનો છું માટે હું મારા કલ્યાણને માટે કાંઈક કરું એમ તે વિચારતો નથી. આ જીવની અનાદિથી ચાલી આવતી કોઈના શીખવ્યા વગરની મહા ઊંધી માન્યતા છે, તેને અગૃહીત મિથ્યાત્વ કહે છે. આ ઊંધી માન્યતા પોતે પોતાથી કરી છે. કોઈએ શીખડાવી નથી. જેમ છોકરાને રડતાં શીખડાવવું ન પડે તેમ જન્મીને મરું ત્યાં સુધીનો હું છું–આવી માન્યતા જીવને કોઈના શીખવ્યા વગર થઈ છે. શરીર હું છું, પૈસામાં મારું સુખ છે વગેરે પ્રકારે પરવસ્તુમાં પોતાપણાની માન્યતા તે અગૃહીત ઊંધી માન્યતા જીવને અનાદિથી ચાલી આવે છે.

શરીર તે જ હું છું એટલે શરીરની હાલવા-ચાલવાની ક્રિયા હું કરી શકું છું એમ અજ્ઞાની જીવ માને છે અને શરીરને પોતાનું માનતો હોવાથી તે બહારની જે વસ્તુથી શરીરને સગવડ થતી માને તેના ઉપર પ્રીતિ, રાગ આવ્યા વગર રહેતો નથી. તેથી તેને અવ્યક્તપણે પુણ્યથી મને સુખ થાય એવી માન્યતા છે. બહારની સગવડનું કારણ પુણ્ય છે અને હું પુણ્ય કરું તો મને એનું ફળ મળશે એવું કોઈના શીખવ્યા વગરનું અનાદિનું મિથ્યાજ્ઞાન છે. પુણ્યથી મને લાભ થાય અને પરનું હું કરી શકું એમ એ અનાદિથી માને છે.

જો કે કોઈ પરથી જીવને સગવડ થતી નથી તોપણ, જે પદાર્થ વડે શરીરને સગવડ થતી તે જીવ માને તેના ઉપર પ્રીતિ થાય જ અને પુણ્ય વડે શરીરની સગવડ મળે એમ તે માનતો હોવાથી પુણ્યથી લાભ થાય એમ અનાદિથી, તે માને છે. એટલે (૧) પુણ્યથી મને લાભ થાય અને (૨) શરીર તે હું તથા શરીરના કાર્ય હું કરી શકું—આવી ઉંધી માન્યતા અનાદિથી કોઈના શીખવ્યા વગર જીવને ચાલી આવે છે તે જ મહા ભયંકરમાં ભયંકર દુઃખના કારણરૂપ ભૂલ છે. પાપ કરનાર જીવ પણ પુણ્યથી લાભ માને છે કેમકે તે પોતે

(જુઓ અનુસંધાન પેજ નં. ૩૧ ઉપર)

# શાંતિનો ઉપાય




હે ભવ્ય ! તારે આત્માની શાંતિ પ્રગટ કરવી છે, તો તે શાંતિ પરવસ્તુમાંથી નહિ આવે, પર વસ્તુઓ સામે જોવાથી નહિ આવે, વિકાર કે ક્ષણિક પર્યાય સામે જોવાથી પણ તે શાંતિ નહિ આવે, પણ તે બધાના લક્ષને છોડીને તારી વર્તમાન અવસ્થાને ત્રિકાળી જ્ઞાનસ્વભાવમાં એકાકાર કર, તો ત્રિકાળી સ્વભાવના આધારે અવસ્થામાં પરિપૂર્ણ શાંતિ પ્રગટ થાય. શબ્દ વગેરે વિષયોમાં જરા પણ જ્ઞાન નથી તેથી તેનાથી તો આત્મા જુદો છે અને આત્મામાં પરિપૂર્ણ જ્ઞાન છે,—આત્મા અને જ્ઞાન જરાય જુદા નથી,—આમ ભેદજ્ઞાન કરીને સ્વભાવ તરફ ઢળે તો સ્વભાવના આશ્રયે જીવને સમ્યક્‌મતિ-શ્રુતજ્ઞાન પ્રગટ થાય, અને અલ્પકાળમાં ભવનો અંત આવે. આ સિવાય જે મતિ-શ્રુતજ્ઞાન પર લક્ષે જ કાર્ય કરે તે મિથ્યાજ્ઞાન છે. સ્વલક્ષે સમ્યગ્જ્ઞાન પ્રગટ કર્યા વગર, કોઈ જીવ કષાય ઘટાડે તો તેને પાપાનુબંધી પુણ્ય બંધાય અને સાથે સાથે તે જ વખતે, આખા આત્મસ્વભાવના અનાદરરૂપ મિથ્યાત્વથી અનંત પાપ બાંધે અને અનંત ભવ વધારે.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—જ્ઞાનીને તો દુઃખનું વેદન છે જ નહિ ને?

ઉત્તર :—જ્ઞાનીને પણ રાગ છે એટલું દુઃખ છે. જ્ઞાનીને જેટલો કષાય છે તેટલું દુઃખનું વેદન પણ છે. દુઃખનું વેદન નથી એ તો શ્રદ્ધાના જોરની અપેક્ષાએ કહ્યું છે કે જ્ઞાની રાગનો વેદક નથી જ્ઞાયક છે. એક બાજુ એમ કહે કે ચોથા ગુણસ્થાને બંધન છે જ નહિ અને વળી કહે કે ચૌદમાં ગુણસ્થાન સુધી સંસારી છે. જ્યાં જે અપેક્ષાથી કથન હોય ત્યાં તે સમજવું જોઈએ.

પ્રશ્ન :—સમ્યગ્દષ્ટિને ત્રણ કષાય વિદ્યમાન છે તેને સ્વર્ગમાં દુઃખ વિશેષ છે કે નરકમાં દુઃખ વિશેષ છે?

ઉત્તર :—ખરેખર તો સ્વર્ગ-નરકના સંયોગનું દુઃખ નથી પણ પોતાના પરિણામ કષાયમાં જોડાય છે તેનું દુઃખ છે. નરક વધુ દુઃખનું કારણ છે એમ નથી પણ પ્રતિકૂળતામાં તીવ્ર જોડાણ થાય છે તેનું વિશેષ દુઃખ છે. જેટલું પરમાં લક્ષ જાય એટલું દુઃખ છે. તે દુઃખના પરિણામ સંયોગના લઈને થયા નથી પણ પોતાથી જ થયા છે.

પ્રશ્ન :—તત્ત્વાર્થ શ્રદ્ધાનને સમ્યક્ કહ્યું છે ચારિત્રને કહ્યું નથી?

ઉત્તર :—ચારિત્રની પર્યાય પાંચમા છઠ્ઠા ગુણસ્થાનેથી મુખ્યપણે ગણાય છે, ચોથાવાળાને સ્વરૂપાચરણચારિત્ર પ્રગટ થયું છે.

પ્રશ્ન :—ચોથા ગુણસ્થાને અનુભવ હોય કે એકલી શ્રદ્ધા હોય?

ઉત્તર :—ચોથા ગુણસ્થાને આનંદના અનુભવ સહિત શ્રદ્ધાન હોય છે.

પ્રશ્ન :—સમ્યગ્દષ્ટિ નિર્વિકલ્પ હોય છે ત્યારે જ આનંદને અનુભવે છે ને બાકીનો કાળ તો પ્રમાદમાં જ હોય ને?

ઉત્તર :—સમ્યગ્દષ્ટિને સદાકાળ શુદ્ધતામાં જ વર્તે છે, ભલે નિર્વિકલ્પ ઉપયોગ ન હોય ને રાગમાં પ્રવૃત્તિ કરતો હોય, ખાવા—પીવા—સૂવામાં કે પૂજા-ભક્તિ-શ્રવણ આદિ બાહ્ય ઉપયોગમાં—રાગમાં વર્તતો હોય, છતાં ત્યારે પણ શુદ્ધતામાં જ વર્તે છે.

**જે શુદ્ધાત્મ અનુભવે, વ્રત-સંયમસંયુક્ત;**
**જિનવર ભાખે જીવ તે, શીઘ્ર લહે શિવસુખ. ૩૦. –શ્રી યોગસાર**

અંતરદૃષ્ટિ તો સ્વભાવમાં જ પડી છે, તેથી રાગની પ્રવૃત્તિ હોવા છતાં એ રાગને દૃષ્ટિના જોરમાં ગણવામાં આવતો નથી. તેથી સમ્યગ્દૃષ્ટિ સદાકાળ અનુભૂતિમાં જ વર્તે છે, શુદ્ધપણારૂપ જ વર્તે છે તેમ કહેવામાં આવે છે. સમ્યગ્દૃષ્ટિ સ્વરૂપમાં જાગૃત થયો છે તે નિરંતર જાગૃત જ છે, શ્રેણિક આદિ નરકમાં છે તે શુદ્ધપણામાં જ વર્તે છે રાગમાં નહિ, રાગ આવે છે તેને જાણે છે પણ તેમાં વર્તતા નથી.

પ્રશ્ન :—સમ્યગ્દૃષ્ટિનો ઉપયોગ પરમાં હોય ત્યારે સ્વપ્રકાશક છે?

ઉત્તર :—સમ્યગ્દૃષ્ટિનો ઉપયોગ પરમાં હો ત્યારે પણ સ્વપ્રકાશક છે પણ ઉપયોગરૂપ પરપ્રકાશક વખતે ઉપયોગરૂપ સ્વપ્રકાશક ન હોય અને ઉપયોગરૂપ સ્વપ્રકાશક હોય ત્યારે ઉપયોગરૂપ પરપ્રકાશક ન હોય પણ જ્ઞાનનો સ્વભાવ તો સ્વ-પરપ્રકાશક જ છે.

પ્રશ્ન :—જો રાગથી પરદ્રવ્યને ફેરવી શકાતા નથી તો જ્ઞાની પરદ્રવ્યને ફેરવવાનો રાગ શા માટે કરે છે?

ઉત્તર :—રાગથી પરદ્રવ્યને ફેરવી શકાતા જ નથી તોપણ જ્ઞાનીને નબળાઈથી રાગ આવે છે છતાં એ રાગના કર્તા થતા નથી, રાગને જ્ઞેય બનાવીને જાણનાર રહે છે.

પ્રશ્ન :—જ્ઞાની આખો દિવસ શાસ્ત્ર વાંચન ઉપદેશ આદિ કરતા જોવામાં આવે છે છતાં આપ કહો છો કે જ્ઞાની રાગને કરતો નથી, તો શું સમજવું?

ઉત્તર :—રાગ આવે છે પણ રાગનો જાણનાર છે. આત્માને જાણતો હોવાથી સ્વ-પર પ્રકાશક જ્ઞાન સમયે સમયે થાય છે ને તે સમયે રાગ હોય તેને જાણે છે પણ રાગનો સ્વામી નથી. રાગને પરજ્ઞેય તરીકે જાણે છે, ખરેખર તો તે સંબંધનું પોતાનું જ્ઞાન છે તે જ્ઞાનને તે જાણે છે. જ્ઞાનમાં રાગ નિમિત્ત છે પણ રાગનું જ્ઞાન પોતામાં પોતા વડે થયું છે ને તે પોતાનું કાર્ય છે પણ રાગ તે પોતાનું કાર્ય નથી એમ તે જાણે છે.

પ્રશ્ન :—જ્ઞાનીને રાગ થતો દેખાય છે, તોપણ ''જ્ઞાનીને રાગ નથી થતો'' એવું કથન કઈ અપેક્ષાથી છે?

ઉત્તર :—જ્ઞાનીને જે અલ્પ રાગદ્વેષ હોય છે તેમાં એકત્વબુદ્ધિ હોતી નથી તેથી તેની ગણતરી નથી. પરને કારણે રાગ માનતા નથી, સ્વભાવમાંથી રાગ આવતો નથી, અને જે રાગ થાય છે તેમાં એકતા માનતા નથી પણ પોતાના સ્વભાવને તે રાગથી જુદો ને જુદો જ અનુભવે છે, તેથી જ્ઞાનીને ખરેખર રાગ થતો જ નથી, પણ સ્વભાવની એકતા જ વધે છે.

**જ્યાં લગી એક ન જાણિયો, પરમ પુનિત શુદ્ધ ભાવ;**
**વ્રત-તપ-સંયમ-શીલ સહુ, ફોગટ જાણો સાવ. ૩૧. –શ્રી યોગસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—સત્પુરુષના સાન્નિધ્યમાં આત્માની લગની કાંઈક વધે ને?

સમાધાન :—સત્પુરુષનું મહાન-પ્રબળ નિમિત્ત છે, પણ કરવાનું પોતાને રહે છે. એટલે શાસ્ત્રમાં આવે છે ને? કે દેવ-શાસ્ત્ર-ગુરુનું કે સત્પુરુષનું સાન્નિધ્ય ગોતીને તું તેમના શરણે જા, તેઓ કહે તેમ કર. પણ કરવાનું તો પોતાને રહે છે, ઉપાદાન પોતાને તૈયાર કરવાનું રહે છે. કોઈ કરી દેતું નથી. મુક્તિનો માર્ગ પ્રગટ કરવા માટે સત્પુરુષનું નિમિત્ત પ્રબળ છે. અર્થાત્ મુક્તિના માર્ગને ઓળખવા માટે, સ્વાનુભૂતિ પ્રગટ કરવા માટે, જિજ્ઞાસુની ભૂમિકા—આત્માર્થતા પ્રગટ કરવા માટે ગુરુનું નિમિત્ત મોટું છે, પણ કરવાનું પોતાને રહે છે.

પ્રશ્ન :—પર્યાયમાં પુરુષાર્થ થતો હોય તો તેને જ્ઞાની કરે છે કે જાણે છે?

સમાધાન :—માત્ર જાણે એટલું જ નથી, પુરુષાર્થ કરે છે. તે એવી જાતનું જાણે છે કે હું જ્ઞાતા છું. આમ જ્ઞાતાની ઉગ્રતા કરે એટલે જ્ઞાનમાં પુરુષાર્થ આવી જાય છે. માત્ર જાણવા ખાતર જાણે તો જ્ઞાનમાં પુરુષાર્થ આવી જતો નથી, પરંતુ જ્ઞાયકની ઉગ્રતામાં પુરુષાર્થ આવી જાય છે. જ્ઞાતા એટલે પર્યાય છે એમ જાણ્યું અર્થાત્ જાણપણું કર્યું કે પર્યાય છે તેથી પુરુષાર્થ આવી જાય એમ નહિ, પરંતુ જ્ઞાતાધારાની તીક્ષ્ણતા કરે તો તેમાં પુરુષાર્થ આવી જાય છે. હું જ્ઞાયક છું એમ જ્ઞાતાધારાની ઉગ્રતા કરી લીનતા કરે તો તેમાં પુરુષાર્થ આવી જાય છે. હું દ્રવ્યે જ્ઞાયક છું—એમ જ્ઞાયકને જ્ઞાયકરૂપે રાખવા માટે તથા જ્ઞાયકની પરિણતિ દૃઢ કરવા માટે અર્થાત્ જ્ઞાતાધારાની ઉગ્રતા કરવા માટે જ્ઞાની પુરુષાર્થ કરે છે. બહાર જતો ઉપયોગ તે વિભાવ પરિણતિ છે તેનાથી પોતે છૂટો પડીને અંતરમાં સ્વરૂપ તરફ લીનતા કરવાનો પ્રયત્ન કરે છે. જ્ઞાનીનું જાણવું એટલે માત્ર જાણી લેવું તેમ નહિ, પણ પુરુષાર્થપૂર્વકનું જાણવું છે.

પ્રશ્ન :—દ્રવ્ય અને પર્યાય એ બે વચ્ચેની રમત જ સમજાતી નથી? આમ કરવા જઈએ તો નિશ્ચયાભાસી થવાય છે અને આમ કરવા જઈએ તો વ્યવહારાભાસી થઈ જવાય છે?

સમાધાન :—તે બધું વિકલ્પાત્મક છે એટલે એમ થાય છે, પણ સહજ હોય તેને

એમ થતું નથી. વિકલ્પથી નિર્ણય કરવા જાય તો એક વિકલ્પ છૂટે અને બીજો ઉત્પન્ન થાય. જો સહજ હોય તો એમ થતું નથી. જ્ઞાયકની પરિણતિ સહજ થાય તો એક (દ્રવ્ય) ગ્રહણ થાય અને એક (પર્યાયનું જ્ઞાન) છૂટી જાય તેમ થતું નથી. તે દ્રવ્યને ગ્રહણ કરે છે, પર્યાયમાં પુરુષાર્થ રહે છે; પરંતુ વિકલ્પાત્મક પ્રયત્ન થાય છે એટલે દ્રવ્યનો વિચાર કરતાં પર્યાય છૂટી જાય છે, પણ તેની સંધિ યથાર્થ વિચારીને નક્કી કરવી જોઈએ. દ્રવ્યદૃષ્ટિ અને પર્યાયમાં પુરુષાર્થ એ બંનેની સંધિ કરવા જેવી છે. એકને ગ્રહણ કરવા જાય અને બીજું છૂટી જાય તો એકલું નિશ્ચયાભાસ થઈ જાય છે. દ્રવ્યદૃષ્ટિ થાય નહિ તો મોક્ષમાર્ગ જ પ્રગટ થતો નથી.

પ્રશ્ન :—પહેલાં દ્રવ્યદૃષ્ટિ હોય કે પહેલાં વ્યવહાર હોય?

સમાધાન :—જ્યાં દ્રવ્યદૃષ્ટિ મુખ્ય ને યથાર્થ હોય ત્યાં યથાર્થ વ્યવહાર આવી જાય છે. દ્રવ્યદૃષ્ટિની સાથે યથાર્થ વ્યવહાર રહેલો છે. જો તે છૂટી જાય તો દૃષ્ટિ જ સમ્યક્ નથી. સમ્યગ્દૃષ્ટિ—યથાર્થદૃષ્ટિ હોય તેની સાથે યથાર્થ જ્ઞાન અને યથાર્થ સ્વરૂપરમણતા હોય છે. જ્ઞાયક ઉપર દૃષ્ટિ ગઈ એટલે પૂર્ણ મુક્તિ અને પૂર્ણ વેદન થઈ જતું નથી, પણ હજી અધૂરાશ છે અને ત્યાં સુધી વ્યવહાર હોય છે.

મુમુક્ષુની દશામાં (પ્રથમ) તે નક્કી કરે કે હું સ્વભાવે નિર્મળ છું. સાથે ભેદજ્ઞાનનો અભ્યાસ કરે કે હું જુદો છું. આમ એકત્વબુદ્ધિથી છૂટવાનો પ્રયત્ન કરે. પ્રયત્ન અને દૃષ્ટિ સાથે હોય છે, અને ભાવનામાં પણ એમ હોવું જોઈએ. પ્રથમ જેવો સ્વભાવ છે તેવો જ ગ્રહણ કરે, પછી પર્યાયમાં અધૂરાશ ને અશુદ્ધતા છે તે બધાંને ટાળીને શુદ્ધતાનો પ્રયાસ કરે છે.

પ્રશ્ન :—પર્યાય ન માનતાં શું દૃષ્ટિનું બળ વધી જતું હશે?

સમાધાન :—પર્યાય નથી એમ માનવાથી કાંઈ દૃષ્ટિનું બળ વધી જાય છે એવું નથી. જેમ છે તેમ યથાર્થ જાણે તો દૃષ્ટિનું બળ વધે છે. દ્રવ્યદૃષ્ટિના વિષયમાં પર્યાય નથી એટલે પર્યાય વસ્તુ જ નથી, એ કાંઈ યથાર્થ નથી. દૃષ્ટિના વિષયમાં પર્યાય આવતી નથી, ધ્યેય એક દ્રવ્ય ઉપર છે તેની દૃષ્ટિમાં પર્યાય નથી એટલે પર્યાય જ નથી એમ નથી.

પ્રશ્ન :—જ્ઞાની વારંવાર તેની મેળાએ અંદર ચાલ્યા જાય છે?

સમાધાન :—તેમાં પ્રયત્ન છે, પણ તે પ્રયત્ન સહજ થઈ જાય છે. કોઈ કરી દેતું નથી કે કાંઈ પરાણે કરવું પડતું નથી, પ્રયત્ન સહજ છે. પોતાના ઘર તરફ પોતે સ્વભાવિક રીતે દોડીને જાય છે.

## બાળ વિભાગ

# મહાન ભાવપરિવર્તક બહુરૂપી બ્રહ્મગુલાલ

મહારાજની આજ્ઞાનુસાર મુનિપણાનો વેષ ધારણ કરવાનો બ્રહ્મગુલાલે નક્કી કરી લીધું, પણ તે કાર્ય જરા અઘરું હતું. આમાં પૂરા જીવનનો દાવ લગાવવાનો હતો, કારણકે તે જાણતો હતો કે જૈન સાધુનો વેષ માત્ર દેખાવ પૂરતો નથી હોતો. એકવાર જેણે ધારણ કર્યો પછી તે ગૃહસ્થ નથી બની શકતો. મુનિનો વેષ ધારણ કરવો કોઈ મજાક નથી, તેની અંદર તો એક મહાન આત્મભાવના સમાઈ જાય છે.

આમ મુનિનો વેષ ધારણ કરતાં પહેલા તેમણે મક્કમ થઈને વૈરાગ્ય ભાવનાઓનું ચિંતવન કર્યું અને પોતાના ચિત્તને સંસારથી અલગ કરી દીધું. તેમનો પૂરો સમય આત્મચિંતન અને આત્મભાવનાઓમાં જ વ્યતીત થવા લાગ્યો. તેઓ ત્યાગને યથાર્થ રૂપ દેવા માગતા હતા. સ્વ-પરના ભેદવિજ્ઞાનરૂપ તત્ત્વ અભ્યાસ સહિત સંસાર ત્યાગના અભ્યાસમાં પ્રવીણતા પ્રાપ્ત કરી લીધી. તેમના અંતરમાં ઉત્સાહ તો હતો જ કે અહો ! સાધકદશાનો સુંદર અવસર આવ્યો છે. સંસારના પાપના વેષ તો ઘણા કર્યા, હવે ધર્મનો સાચો વેષ કરવાનો ધન્ય અવસર આવ્યો છે.

આવી ધર્મભાવનાપૂર્વક થોડા જ સમયમાં તેણે પોતાના અંતરમાં પૂર્ણ ત્યાગભાવના જાગ્રત કરી લીધી અને હવે તેઓ ગૃહસ્થાશ્રમના બંધન તોડવા સક્ષમ થઈ ગયા હતા. સમ્યક્ત્વ અને આત્મજ્ઞાનના પ્રકાશથી તેમનો આત્મા જાગ્રત થઈ ગયો, વાસનાના બંધન તૂટી ગયા અને હૃદય શાંતરસથી ભીંજાવા લાગ્યું. તેમના જીવનમાં અચાનક આવેલા પરિવર્તન જોઈને પરિવારજનો પણ આશ્ચયચકિત થઈ ગયા.

વૈરાગ્યરસથી ભીંજાયેલા સાધુ વેષમાં પ્રવેશ કરવાની પૂર્ણ તૈયારી કર્યા બાદ બ્રહ્મગુલાલે તેમના માતા-પિતા પાસે થઈને સંપૂર્ણ રહસ્ય પ્રગટ કર્યું અને મુનિ થવા માટે આજ્ઞા માગી.

તે બધા તો તીવ્ર મોહના બંધનથી બંધાયેલા હતા.... બ્રહ્મગુલાલના વૈરાગ્યની વાત સાંભળીને તેમણે મોહવશ થઈને એકવાર તેમણે બ્રહ્મગુલાલને ફરીથી મોહસાગરમાં લાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેમણે તો પોતાના આત્માને મોહસાગરથી ખૂબ જ ઉંચે ઉઠાવી લીધો હતો. હવે મોહની લહેરો તેમને સ્પર્શી શકી નહીં. પોતાના પવિત્ર ભાવનાત્મક ઉપદેશ વડે પોતાના માતા-પિતા અને પત્નીના હૃદયના મોહજાળને તોડી

નાખ્યો અને ઉજ્જ્વળ ભાવનાઓ સહિત સત્ય મુનિવેષ ધારણ કરવા માટે શ્રી બ્રહ્મગુલાલ વનની તરફ પ્રયાણ કરી ગયા.

જંગલમાં જઈને તેમણે પોતાના બધા જ વસ્ત્રાભૂષણ ઉતારી દીધા અને દિગમ્બર થઈને એક સ્વચ્છ શીલા ઉપર પદ્માસન માંડીને બેસી ગયા, ત્યારબાદ તેમમે હૃદયની ઉત્કૃષ્ટ ભાવનાપૂર્વક શ્રી પંચપરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરીને સ્વયં સાધુ દીક્ષા ધારણ કરીને આત્મધ્યાનમાં લીન થઈ ગયા.

સંસાર-નાટકના અનેક વેષને ધારણ કરવાવાળો કલાવિદ્ એક ક્ષણમાં આત્મકળાનો ઉપાસક બની ગયો... હવે તેમનું હૃદય આત્મજ્ઞાન અને શાંતરસથી ભરપૂર હતું. તેમને કોઈ ઈચ્છા કે કોઈ વાંછા નહોતી. સંસાર-નાટકનો વેષ પૂર્ણ કરીને હવે તેઓએ મુક્તિસાધક મુનિદશાનો વેષ પ્રારંભ કર્યો. રૌદ્રરસરૂપથી ભાવ-પરિવર્તન કરીને આત્માને શાંતરસરૂપ કર્યો. ધન્ય છે ભાવ-પરિવર્તનની કલા !!

* * *

સવારનો સુંદર સમય છે. મહારાજ પોતાના સિંહાસન ઉપર બિરાજમાન છે...સભાસદો પણ બેઠા છે... તે સમયે જેમણે પ્રાણીમાત્ર ઉપર સમભાવ ધારણ કર્યો છે અને જેઓ શાંતરસમાં મગ્ન છે એવા મુનિ બ્રહ્મગુલાલજી રાજભવન તરફ આવતા દેખાયા. રાજાએ દૂરથી જ સાધુના પવિત્ર વેષને જોયો અને ઉઠીને સાધુને આમંત્રણ આપ્યું. તેમને ઉંચા સિંહાસન ઉપર બિરાજમાન કર્યા અને ધર્મોપદેશ સાંભળવાની ઈચ્છા વ્યક્ત કરી. મુનિરાજ બ્રહ્મગુલાલજીએ પવિત્ર આત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો.

“રાજન્ ! આત્મતત્ત્વમાં અનંત શક્તિઓ છે. ક્ષણમાત્રમાં પોતાના ભાવોને પરિવર્તન કરીને પામરમાંથી પરમાત્મા બની જવાની તમારામાં તાકાત છે, માટે શોકભાવને છોડીને શાંતભાવ પ્રગટ કરો.”

મુનિરાજ બ્રહ્મગુલાલજીનો એવો દિવ્ય ઉપદેશ સાંભળીને મહારાજના હૃદયનો શોક નાશ પામ્યો, અને મનનો પાપ ધોવાઈ ગયો, અંતરની દ્વેષની અગ્નિ શાંત થઈ ગઈ. બ્રહ્મગુલાલજીના પવિત્ર વ્યક્તિત્વ પર આજ પહેલા જ દિવસે મહારાજને અનન્ય શ્રદ્ધા થઈ ગઈ. હર્ષિત હૃદયથી તેમણે કહ્યું–

“બ્રહ્મગુલાલજી ! તમે મહાત્માના કાર્યને જેવું હોય તેવું જ પાલન કર્યું છે, સાધુના વેષ ધારણ કરીને તમે મારા મનના શોકને નાશ કર્યો છે. હું આપના આ સાધુ-વેષને જોઈને ખૂબ પ્રસન્ન થયો છું. માટે હવે તમે જે ઈચ્છો તે માંગો, હવે તો તમે જે માંગશો તે દેવા માટે તૈયાર છું.”

બ્રહ્મગુલાલજીને સાધુ-વેષથી ભ્રષ્ટ કરવા માટે લોભના રૂપમાં એક જાળ ફેંકવામાં આવ્યો હતો, પણ તેઓ તેમાં ન ફસાયા અને બોલ્યા—

“રાજન્ ! તમે એક દિગમ્બર સાધુની સામે આવા અનુચિત શબ્દનો પ્રયોગ શા માટે કરો છો ? શું તમે નથી જાણતા કે જૈન સાધુઓને રાજ્ય–વૈભવની ઈચ્છા નથી હોતી. તેમને પોતાના આત્મવૈભવના સામ્રાજ્યની સામે સંસારના વૈભવની પણ લેશમાત્ર ઈચ્છા નથી હોતી.

હે નરેશ્વર ! મમતાના બધા બંધનોને મેં તોડી નાખ્યા છે, હવે હું નિર્ગ્રંથ જૈન સાધુ છું અને આપની પાસેથી મને કોઈપણ વસ્તુની અભિલાષા નથી. હું તો મુક્તિપથનો પથિક છું. પૂર્ણ સ્વતંત્રતા અમારું લક્ષ છે, આત્મધ્યાન અમારી સંપત્તિ છે, હું પોતાની સંપત્તિથી સંતુષ્ટ છું. તેનાથી વિશેષ હું કોઈ ઈચ્છા કરતો નથી.”

બ્રહ્મગુલાલજીની એકવાર વધારે પરીક્ષા કરવા માટે રાજાએ કહ્યું–“પણ તમે આ સાધુપણું તો માત્ર વેષ ધારણ કરવા માટે લીધો હતો અને મારી આ ઈચ્છા પૂર્ણ કરવા માટે તમે લીધો હતો, જેના માટે હવે કોઈ વાસ્તવિકતા હોવી જોઈએ નહીં. તમારો વેષ કરવાનું કાર્ય પૂર્ણ થયું, હવે તમારે આ વેષ માટે યોગ્ય ઉપહાર લેવો જોઈએ અને ઈચ્છિત ધન પ્રાપ્ત કરીને તમારે તમારું જીવન સુખમય વ્યતીત કરવું જોઈએ.”

જેમના હૃદયમાં સમતારસનો સાગર ઉછળી રહ્યો હતો એવા બ્રહ્મગુલાલજીએ હૃદયની દૃઢતા વ્યક્ત કરતા કહ્યું કે—

“રાજન્ ! સાધુનું રૂપ વેષ ધારણ કરવા માટે નથી લેવામાં આવતો, મુનિદીક્ષા કોઈ વેષ ધારણ કરવાની વસ્તુ નથી. આમાં તો જીવનપર્યંત જ્ઞાન અને વૈરાગ્યની સાધના થાય છે. હું સાંસારિક વૈભવનો ત્યાગ કરી ચૂક્યો છું. તેથી તે મારા માટે વમન સમાન છે. વિવેકીજન ત્યાગેલી વસ્તુને ફરીથી ગ્રહણ કરતા નથી. હું હવે માત્ર વેષધારી સાધુ નથી, મારો અંતરાત્મા વાસ્તવિક સાધુ થઈને આત્મ-સાધનામાં રમી રહ્યો છે, જેનાથી હવે રાજ્ય–વૈભવના પ્રલોભન માટે કોઈ સ્થાન નથી. મારી વાસના નાશ પામી ગઈ છે અને હવે હું સાધુપદના કર્તવ્યમાં સ્થિર છું. હવે હું મારા આત્મકલ્યાણના સ્વતંત્ર માર્ગ પર જ વિચરીશ અને જગતને દિવ્ય આત્મધર્મનો સંદેશ સંભળાવીશ. તમે મારા મનને ડગાવવાનો નિષ્ફળ પ્રયત્ન ન કરો.”

મુનિરાજ બ્રહ્મગુલાલજીની વૈરાગ્યથી ઓતપ્રોત વાણી સાંભળી રાજા આશ્ચર્ય-ચકિત થઈને તેમને જોતા રહ્યા–ત્યારે બ્રહ્મગુલાલ મુનિરાજ ઊભા થયા અને પીંછી–કમંડળ લઈને ધીમી ગતિએ જંગલની તરફ ચાલવા લાગ્યા. (ક્રમશઃ) ❊

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૮-૦૦ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | શ્રી સમયસાર ઉપર (૧૭મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ | : | પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

### * સમ્યક્‌ત્વ જયંતી મંગલ પત્રિકા લેખનવિધિ સાનંદ સંપન્ન *

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનનો આગામી ૮૭મો સમ્યક્‌ત્વ જયંતી મહોત્સવ કે જે શ્રી કુંદકુંદ-કહાન મુમુક્ષુ મંડળ, અમદાવાદ દ્વારા ઊજવવામાં આવનાર છે તેની આમંત્રણ પત્રિકાની લેખનવિધિ મહા વદ-૧૨, તા. ૩-૩-૨૦૧૯, રવિવારના રોજ સાનંદ સંપન્ન થઈ હતી. સવારે જિનેન્દ્ર પૂજા બાદ સર્વે મુમુક્ષુ ભાઈઓ-બહેનો શ્રી વિરાટભાઈ વોરા, અમદાવાદના નિવાસસ્થાને ગયા હતા. ત્યાં ભક્તિ બાદ પત્રિકાને વાજતે-ગાજતે પરમાગમમંદિરમાં લાવવામાં આવી. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનબાદ પત્રિકાનું વાંચન શ્રી વિરાટભાઈ વોરા, અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ પત્રિકા લેખનવિધિ ભક્તિમય વાતવરણમાં સંપન્ન થઈ.

### * માનસ્તંભનો ૬૭મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ *

ચૈત્ર સુદ ૧૦ તા. ૧૪-૪-૨૦૧૯, રવિવારના રોજ સોનગઢ શ્રી માનસ્તંભ પ્રતિષ્ઠાનો ૬૭મો વાર્ષિક દિવસ પૂજા ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

### * જાતિસ્મરણજ્ઞાન વાર્ષિક દિન *

ચૈત્ર વદ-૮, તા. ૨૭-૪-૨૦૧૯, શનિવારના દિને પૂજ્ય બહેનશ્રી જાતિસ્મરણજ્ઞાનનો વાર્ષિક દિવસ છે. આ પ્રસંગ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

### * અક્ષય તૃતીયા *

વૈશાખ સુદ-૩ તા. ૭-૫-૨૦૧૯, મંગળવારના દિવસે શ્રી આદિનાથ ભગવાનને આહારદાનનો દિવસ છે. આ પ્રસંગ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

## (૬૯)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(નીચેના પ્રશ્નોના જવાબ ''હા'' અથવા ''ના''માં આપો.)

(૧) દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ સાથે જ્ઞાયકદેવની ભક્તિ આવે તે સાચી ભક્તિ છે. ................

(૨) પૂજ્ય ગુરુદેવશ્રી સ્વાધ્યાય ઉપર ભાર મૂકતા કહે છે કે—આત્મસ્વરૂપનો યથાર્થ નિર્ણય કરવા માટે સ્વાધ્યાય એ ઉત્કૃષ્ટ સાધન છે. ................

(૩) કાચી લીલી કેરીમાંથી પાકી પીળી કેરી થવી એ પુદ્‌ગલ દ્રવ્યની સ્વભાવ અર્થપર્યાય છે. ...............

(૪) સમયસારમાં જ્ઞાનનો મહિમા દર્શાવતા આચાર્યદેવ કહે છે કે ''જ્ઞાનથી જ જીવ પરને પોતારૂપે અને પોતાને પરરૂપ નહીં કરતો થકો કર્મોનો અકર્તા થાય છે.'' ...............

(૫) ઉપયોગ અને જીવ એક અસ્તિત્વથી નિષ્પન્ન ન હોવાથી સદા ભિન્ન જ છે. ..............

(૬) સ્વર્ગમાં અત્યંત વૈભવ હોવાથી સમ્યગ્દષ્ટિ તિર્યંચ કરતા દેવના જીવ વિશેષ સુખી છે. ..............

(૭) અસ્તિત્વ અને નાસ્તિત્વ એ બે મૂળ ધર્મોના આશ્રયથી સપ્તભંગીરૂપ સ્યાદ્વવાદની સિદ્ધિ થાય છે. ..............

(૮) નિયમસાર શાસ્ત્રમાં આલોચનાનું સ્વરૂપ બતાવતા કહ્યું છે કે—''જે જીવ પરિણામને સમભાવમાં સ્થાપીને નિજ આત્માને અનુભવે તે આલોચના છે.'' ..............

(૯) ઉત્કૃષ્ટ પ્રકારનાં શુભભાવથી પરિણામોમાં જે વિશુદ્ધતા થાય તેનાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ શકે છે. ..............

(૧૦) સિદ્ધ ભગવાનને શરીર નહીં હોવાથી આકાર હોતો નથી. ...............

(૧૧) દેશઘાતિ કર્મ પ્રકૃતિ નવા દર્શનમોહકર્મનું નિમિત્ત બનતું નથી. ..............

(૧૨) દ્રવ્ય અને પર્યાયનું ભિન્નપણું માત્ર સંજ્ઞા, સંખ્યા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ છે. ...............

(૧૩) પૂજ્ય ગુરુદેવશ્રીએ કહ્યું છે કે "જે જ્ઞાન સાથે આનંદ ન આવે તે જ્ઞાન જ નથી. પણ અજ્ઞાન છે." ...............

(૧૪) સમયસારમાં ૪૭ શક્તિના વર્ણનમાં "સમસ્ત વિશ્વના વિશેષભાવોને જાણવારૂપે પરિણમતા એવા આત્મજ્ઞાનને સર્વજ્ઞત્વશક્તિ કહેલ છે."............

(૧૫) અનંત સંસારનું કારણ થાય તેવા કર્મો મિથ્યાત્વથી નહીં પરંતુ તીવ્ર કષાયનાં પરિણમનથી બંધાય છે. .............

(૧૬) પૂજ્ય બહેનશ્રીએ વચનામૃતમાં કહ્યું છે કે "તત્ત્વનો ઉપદેશ અસિધારા જેવો છે. તે અનુસાર પરિણમતા મોહ ઊભો રહેતો નથી." ................

(૧૭) જીવમાં પહેલાથી માંડી બારમા ગુણસ્થાન સુધી વિભાવ વ્યંજન પર્યાય હોય છે. ................

(૧૮) ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ ઉપશમ અને ક્ષપક બંને પ્રકારની શ્રેણી ચઢી શકે છે.........

(૧૯) ધર્મ, અર્થ, કામાદિ સર્વ પરદ્રવ્યની ઇચ્છાને છોડે છે અને સ્વશુદ્ધાત્મામાં તૃપ્ત થાય છે તેને નિઃપરિગ્રહી કહેવામાં આવે છે. ..............

(૨૦) દર્શનમોહનીયની ત્રણ અને ચારિત્રમોહનીયની ચાર થઈ કુલ સાત પ્રકૃતિનો ક્ષય થવાથી ક્ષાયિક સમ્યક્ત્વ પ્રગટે છે. ..............

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન માર્ચ–૨૦૧૯ના ઉત્તર

(૧) શુદ્ધ
(૨) મુનિ
(૩) સ્વાધ્યાય
(૪) રત્નત્રય
(૫) અઢાર
(૬) વ્યવહાર
(૭) ભવપ્રત્યય
(૮) અસ્તિત્વ
(૯) પુદ્ગલ
(૧૦) બે
(૧૧) મોક્ષ
(૧૨) ચૈતન્યદેવ
(૧૩) વ્યુત્સર્ગ
(૧૪) કર્મ
(૧૫) સમયસાર
(૧૬) ઉપાદેય
(૧૭) અપ્રતિઘાત
(૧૮) નાભિરાય
(૧૯) નિર્વિચિકિત્સા
(૨૦) નિલાંજના

## (૬૯)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(૧) પૂજ્ય ગુરુદેવશ્રીને તેમના સગાસંબંધીઓ ....................કહીને બોલાવતા હતા.

(૨) પૂજ્ય ગુરુદેવશ્રીએ સમયસાર સભામાં ...............વાર વાંચ્યું હતું.

(૩) પૂજ્ય ગુરુદેવશ્રીએ ..................... ભગવાનના ફોટા સમક્ષ પરિવર્તન કર્યું હતું.

(૪) પૂજ્ય ગુરુદેવશ્રીનાં સંપ્રદાયના ગુરુનું નામ ....................... મહારાજ હતું

(૫) નંદીશ્વર દ્વીપની એક દિશામાં ..................... જિનાલય હોય છે.

(૬) પૂ. બહેનશ્રીને સમ્યક્દર્શન ................ વદ.......... ના રોજ થયું હતું.

(૭) ૨૪ તીર્થંકરમાંથી ''મ''થી શરૂ થતા ૧) ......................... ૨) ................. ૩) ..................... ભગવાન છે.

(૮) જીવોની સંખ્યા સ્વર્ગમાં વધુ કે મોક્ષમાં ?..................

(૯) પંચપરમેષ્ઠીમાંથી પૂરા જ્ઞાની (સુખી) .................. (૨) ...................... છે.

(૧૦) બાહુબલીની બહેન બાલબ્રહ્મચારી ૧) ................. (૨) ................. હતી

(૧૧) તીર્થંકર ભગવાનને ભવનવાસી દેવોનાં કેટલા ઈન્દ્રો નમન કરે છે? ................

(૧૨) નિશંકગુણમાં ...................... પ્રસિદ્ધ થયા.

(૧૩) એક પુદ્ગલ પરમાણુ આકાશની જેટલી જગ્યા રોકે તેને .................... કહે છે.

(૧૪) આ વૈશાખ સુદ ૨ના દિવસે પૂજ્ય ગુરુદેવશ્રીનો ................મો જન્મોત્સવ ઉજવવામાં આવશે.

(૧૫) જે શક્તિના કારણે દ્રવ્યમાં પ્રયોજનભૂત ક્રિયા હોય તેને ................. ગુણ કહે છે.

(૧૬) રાવણની પત્નીનું નામ ............................. હતું.

(૧૭) પાર્શ્વનાથ ભગવાનના સમવસરણમાં ........................ ગણધર હતા. તેમાં મુખ્ય .................. હતા.

(૧૮) રાવણનું મૃત્યુ ......................ના હાથે થયું હતું.

(૧૯) ભાવસ્વરૂપ ગુણને ......................... ગુણ કહે છે.

(૨૦) મહાવીર ભગવાનનો જન્મ ................નગરમાં થયો હતો.

## બાળકો માટેના આપેલ પ્રશ્ન માર્ચ – ૨૦૧૯ના ઉત્તર

(૧) ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવળદર્શન
(૨) કાળ
(૩) શ્રી સુબાહુ
(૪) અભાવ
(૫) ધાતકી વિદેહ
(૬) તાળાની –જ્ઞાયક
(૭) પિસ્તાલીસ લાખ
(૮) અનંત
(૯) લોકના
(૧૦) બાવીસ
(૧૧) પુષ્પ
(૧૨) અસંખ્ય
(૧૩) અસંખ્ય
(૧૪) નિગોદ
(૧૫) નિગોદ
(૧૬) ૬
(૧૭) લેશ્યા
(૧૮) સ્વર્ણભદ્ર
(૧૯) લોભ
(૨૦) માહ – ચૈત્ર – ભાદ્રપદ

### વિદ્યાર્થીઓ માટે સોનગઢમાં ગ્રીષ્મકાલીન

## ✻ ધાર્મિક શિક્ષણવર્ગ ✻

ગ્રીષ્મકાલીન શિક્ષણવર્ગ ઉનાળુ વેકેશન દરમ્યાન તા. ૨-૫-૨૦૧૯ ગુરુવારથી તા. ૧૧-૫-૨૦૧૯ શનિવાર સુધી સોનગઢમાં રાખવામાં આવેલ છે.

**શ્રી મહાવીર ભગવાન જન્મકલ્યાણક તથા**

**પૂજ્ય ગુરુદેવશ્રીના ૮૫ મા સંપ્રદાય પરિવર્તન દિવસનો મંગલ મહોત્સવ**

તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક દિવસ તથા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સંપ્રદાય પરિવર્તનના ૮૫મા વર્ષનો મંગલ ઉત્સવ સ્વ. હીરાચંદભાઈ ત્રિભોવનદાસ દામાણી પરિવાર તરફથી સુવર્ણપુરી સોનગઢમાં ચૈત્ર સુદ–૧૩ બુધવાર તા. ૧૭–૪–૨૦૧૯ ના રોજ પૂજન ભક્તિના વિશેષ કાર્યક્રમોપૂર્વક અત્યંત ઉલ્લાસથી ઉજવવામાં આવશે. તો આ મંગળ પ્રસંગે સર્વે મુમુક્ષુઓને આ ઉત્સવનો લાભ લેવા સોનગઢ પધારવા ભાવભીનું આમંત્રણ છે.

(અનુસંધાન પેજ નં. ૧૮ થી ચાલુ) (જિજ્ઞાસુને ધર્મ)

પોતાને પાપી કહેવડાવવા માગતો નથી એટલે કે પોતે પાપ કરતો હોવા છતાં તેને પુણ્ય ભલું લાગે છે. આ રીતે અજ્ઞાની-મિથ્યાદૃષ્ટિ જીવ અનાદિથી પુણ્યને સારું માને છે.

અનાદિકાળથી જીવે પુણ્ય અર્થાત્ મંદ કષાયમાં લાભ માન્યો છે, શરીર તથા શરીરનાં કામ મારા અને શરીરથી તથા પુણ્યથી મને લાભ થાય એમ તે માન્યા જ કરે છે. જેને પોતાનું માને તેને છોડવા જેવું તે કેમ માને ? ન જ માને. આ મહાન ભયંકર ભૂલ જગતના નિગોદથી માંડીને સર્વ અજ્ઞાની જીવોને હોય છે, તે અગૃહીત મિથ્યાત્વ છે. (ક્રમશઃ) ✻

नमः श्री धातकी-विदेहस्थभावी जिनवराय ।

नमः परमोपकारी श्री कहानगुरुदेवाय ।　　　　　　　　　　　　वन्दे भगवती मातरम् ।

**અધ્યાત્મ-સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ) મધ્યે**

**અખિલ સૌરાષ્ટ્ર મુમુક્ષુવૃંદ દ્વારા સાનંદ આયોજિત**




આત્માર્થી મુમુક્ષુ ભાઈશ્રી/બહેનશ્રી .................... શુભ ગ્રામ ..............

પરમકૃપામૂર્તિ શ્રી કહાનગુરુદેવની ઉપકૃતહૃદયભીની ગુરુભક્તિ સહ નિવેદન કે અકારણકરુણાવંત, રત્નચિંતામણિસમ, આપણા સૌના જીવનશિલ્પી, પરમ તારણહાર, શ્રી વીર-કુંદકુંદ-અમૃત પ્રણીત મુક્તિમાર્ગપ્રકાશક, પુણ્ય અને પવિત્રતાની અજોડમૂર્તિ એવા પરમોપકારી પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી કે જેમનો લોકોત્તર ઉપકાર મહિમા, વિદેહીનાથ શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ દ્વારા વિશ્રુત ''ધાતકીખંડના વિદેહક્ષેત્રમાં ભાવિ તીર્થંકર અને ભરતક્ષેત્રમાં કુંદકુંદમાર્ગપ્રવર્તક ઈત્યાદિ મંગલવાણીના'' સાતિશય સ્પષ્ટ જાતિસ્મરણરૂપ 'જ્ઞાનવૈભવ' વડે પ્રશમપિયૂષપુંજ સમ્યક્ત્વરત્નધારિણી ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેને આપણા સૌના જીવનમાં ઉત્કીર્ણ કરેલ છે, તે શુદ્ધાત્મવૈભવવિલાસી મહાત્માનો ૧૩૦મો મંગળમય વાર્ષિક જન્મમહોત્સવ અધ્યાત્મઅતિશય તીર્થ શ્રી સુવર્ણપુરીમાં ઊજવવાનું મહાન સૌભાગ્ય શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢની કૃપાભીની અનુમતિથી અમોને—''અખિલ સૌરાષ્ટ્ર મુમુક્ષુવૃંદ''ને સંપ્રાપ્ત થયેલ છે.

આ મહાન પાવન 'ગુરુ-જન્મોત્સવ'નો મંગળ અવસર વિ.સં. ૨૦૭૫, ચૈત્ર વદ ૧૩, ગુરુવાર, તા. ૨-૫-૨૦૧૯ થી વૈશાખ સુદ ૨, સોમવાર, તા. ૬-૫-૨૦૧૯ એમ પાંચ દિવસ પર્યંત શ્રી ચોસઠ ૠદ્ધિ મંડળ વિધાન પૂજા, દેવ-ગુરુ-ભક્તિ અને

ગુરુ-જન્મવધાઈ આદિ ગુરુભક્તિભીના વિવિધ રસિક કાર્યક્રમ સહિત અધ્યાત્મસાધના તીર્થ સુવર્ણપુરીમાં પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહની મંગલ પ્રેરણાથી અને તેઓશ્રી દ્વારા રચિત ભક્તિસભર મધુર ગીતોના ગુંજારવ સહ ઊજવવામાં આવશે. 'ગુરુ-જન્મોત્સવ'ના આ પંચાહ્નિક મંગલ આનંદોત્સવમાં સહભાગી થવા આપ સૌને સપરિવાર ગુરુભક્ત સાધર્મી મુમક્ષુવૃંદ સહિત, સોનગઢ પધારવાનું અમારું અતિ ધર્મવાત્સલ્યભીનું હાર્દિક આમંત્રણ છે.

આ આનંદકારી અવસરે પધારવાથી આપ સૌને અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીનાં ગગનચુંબી વિશાળ જિનાયતનોમાં—જિનમંદિર, પરમાગમમંદિર, પંચમેરુનંદીશ્વર જિનાલય વગેરેમાં બિરાજમાન વીતરાગભાવવાહી વિશાલકાય શુદ્ધામ્નાયી મનોજ્ઞ જિનપ્રતિમાઓનાં દર્શન-પૂજન-ભક્તિનો, વિશાળકાય પ્રતિષ્ઠેય બાહુબલી મુનિવર તથા જંબૂદ્વીપમાં બિરાજમાન થનાર જિનેન્દ્ર ભગવંતોના દર્શનનો તથા પૂજ્ય ભગવતી માતાના માર્ગદર્શનતળે નિર્મિત ભવ્ય 'કહાનગુરુ-પ્રભાવના-દર્શન'ના ભક્તિભીના આહ્લાદકારી અવલોકનના લાભ ઉપરાંત ઑડિયો સીડી દ્વારા પૂજ્ય સદ્ગુરુદેવશ્રીની ભવાબ્ધિતારિણી કલ્યાણીવાણીનો, સ્વાનુભવ-વિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની 'ગુરુ ઉપકાર મહિમા ભરપૂર' વિડિયો ધર્મચર્ચાનો, સમાગત અધ્યાત્મતત્ત્વપ્રેમી ગુરુભક્ત વિદ્વાનોના તા. ૨-૫-૨૦૧૯ થી તા. ૧૧-૫-૨૦૧૯ દસ દિવસ ધાર્મિક શિક્ષણવર્ગનો (પુરુષો માટે) તથા વઢવાણ, મલાડ, ઘાટકોપરની ભજનમંડળી દ્વારા પ્રસ્તુત થનાર ગુરુભક્તિના કાર્યક્રમોનો પણ વિશેષ લાભ મળશે.

માટે આત્મહિતના હેતુભૂત ગુરુભક્તિના આ મંગળ પ્રસંગે આપ સૌ અવશ્ય પધારશો—એવું અમારું પુનઃ પુનઃ અતિ આગ્રહભર્યું નિમંત્રણ છે.

પ્રેષક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
C/o અખિલ સૌરાષ્ટ્ર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ
સોનગઢ (સૌરાષ્ટ્ર) ફોન નં. ૦૨૮૪૬-૨૪૪૩૩૪
તા. ૨૯-૩-૨૦૧૯

લિ.
અખિલ સૌરાષ્ટ્ર મુમુક્ષુવૃંદના
જય જિનેન્દ્ર

**નિમંત્રણ પત્રિકા સૌજન્ય**

માતુશ્રી મરઘાબેન ધીરજલાલ શાહ
પુષ્પાબેન મનહરલાલ શાહ, મનહરલાલ ધીરજલાલ શાહ
હ. ભરત, જ્ઞાનેશ, લીના, પ્રીતિ, અપૂર્વ, પારસ, કેવલ, પાર્થ, ધારા, ઉર્વી, રીયા, કશ્વી

શ્રી રમેશચંદ્ર નારણદાસ શાહને નિમંત્રણ પત્રિકા તેમના નિવાસસ્થાનેથી લાવવાનો લાભ મળેલ છે.

સૂચના : (૧) સમાગત મહેમાનો માટે ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક છે. (૨) સમાગત મહેમાનોએ પોતાના આવાસ માટે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢનો સંપર્ક સાધવા વિનંતી

## વૈરાગ્ય સમાચાર :–

મુંબઈ નિવાસી સુહાસ હાસ્યચંદ્ર મહેતા (તેઓ શ્રી નાનાલાલભાઈ જસાણીની મોટી પુત્રી વિજયાબેનની પુત્રી) (ઉ.વ. ૮૬) તા. ૨૩-૧૧-૨૦૧૮ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

વઢવાણ નિવાસી (હાલ ભાવનગર) જ્યોતિન્દ્રભાઈ નંદલાલ કામદાર (ઉ.વ. ૭૦) તા. ૧૫-૧૨-૨૦૧૮ના રોજ દેહપરિવર્તન થયેલ છે. તેઓ વઢવાણ ભજનમંડળીના મેમ્બર હતા તથા ભજનમંડળી માટે ભક્તિઓ લખતા હતા. તેઓ અવારનવાર સોનગઢ આવીને ધર્મલાભ લેતા હતા.

મુંબઈ નિવાસી શ્રીમતી માધુરીબેન બિપીનચંદ્ર જોબાળિયા (ઉ.વ. ૮૧) તા. ૧૯-૧-૨૦૧૯ના રોજ શાંત પરિણામપૂર્વક દેહપરિવર્તન થયેલ છે.

બાલંભા નિવાસી (હાલ મલાડ–સોનગઢ) સ્વ. ધીરજલાલ ક્રિપાશંકર મહેતા (ઉ.વ. ૯૭)નું તા. ૧૯-૧-૨૦૧૯ના રોજ દેહપરિવર્તન થયેલ છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રી તથા બહેનશ્રી પ્રતિ અપાર ભાવના ધરાવતા હતા. તેઓ અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

ઉપલેટા નિવાસી (હાલ ઘાટકોપર-મુંબઈ) શ્રી ઈલાબેન હર્ષદભાઈ બાવટીયા (તેઓ શ્રી સુરેશભાઈ સંઘવીના બહેન) (ઉ.વ. ૮૧) તા. ૩-૧-૨૦૧૯ના રોજ શાંત પરિણામપૂર્વક દેહપરિવર્તન થયેલ છે.

વઢવાણ નિવાસી વિમળાબેન નંદલાલ કામદાર (તેઓ વઢવાણ ભજનમંડળીના જ્યોતિન્દ્રભાઈના માતુશ્રી) (ઉ.વ. ૯૬) તા. ૩૧-૧-૨૦૧૯ના રોજ દેહપરિવર્તન થયેલ છે. તેઓએ ઘણા વર્ષ સોનગઢ સ્થાયી થઈ ધર્મલાભ લીધેલ હતો.

વઢવાણ નિવાસી (હાલ દહીંસર-નાથાભવનવાળા) કમળાબેન શાહ (તેઓ સ્વ. હીરાલાલ (ટોર્ચવાળા) ચીમનલાલ શાહના ધર્મપત્ની) (ઉ.વ. ૮૮) તા. ૧૩-૨-૨૦૧૯ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

શ્રીમતી લીલાબેન વસંતભાઈ પારેખ (–તેઓ ડૉ. પ્રવીણભાઈ દોશીના મામી) (ઉ.વ. ૮૮) તા.૨૦-૨-૨૦૧૯ના રોજ શાંત પરિણામપૂર્વક દેહ પરિવર્તન થયેલ છે. તેઓશ્રીને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે અનન્ય ભક્તિભાવ હતો. તેઓ ૨૦ વર્ષથી વિલેપાર્લા મંદિરમાં અધ્યાત્મ મહિલા મંડળના શિક્ષણવર્ગ લેતા હતા.

અમરગઢ નિવાસી જયશ્રીબેન ઉગ્રસેન જૈન (–તેઓ રાજેશભાઈ અમરગઢવાળાના માતુશ્રી)નું (ઉ.વ. ૮૭) તા. ૧-૩-૨૦૧૯ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

**✻ અરે પ્રભુ! તારું કદી મરણ જ થતું નથી ને કેમ ડરે છે? અતીન્દ્રિય આનંદમાં જા! પ્રભુ! તારે શરીર જ નથી ને રોગથી કેમ ડરે છે? જન્મ જરા ને રોગરહિત ભગવાન આત્મા છે ત્યાં જા!–એમ જિનવર, જિનવાણી ને ગુરુ કહે છે. તું જન્મ, જરા, મરણ રહિત પ્રભુ છો, ત્યાં દૃષ્ટિ દે. તારે જન્મ, જરા, મરણ રહિત થવું હોય તો ભગવાન અંદર બિરાજે છે ત્યાં જા! ત્યાં દૃષ્ટિ દઈને ઠર!**

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● જ્ઞાનની પર્યાયમાં વસ્તુ જેવી છે તેવી પ્રત્યક્ષપ્રતિભાસ પ્રથમ આવે. પછી આત્મા જેવો જાણ્યો તે હું છું એમ પ્રતીતિરૂપ શ્રદ્ધાન થાય અને પછી તેમાં–પોતાનામાં સ્થિર થાય ત્યારે સાધ્ય આત્માની સિદ્ધિ થાય છે. ૩૫૪.

● જેમ દૂધપાકના સ્વાદ આગળ લાલ જુવારના રોટલાનો સ્વાદ ન આવે તેમ જેણે પ્રભુ આનંદ સ્વરૂપ છે એના સ્વાદ લીધા છે. તેને જગતની કોઈ ચીજમાં પ્રેમ લાગતો નથી, રસ આવતો નથી. એકાકારપણું થતું નથી. સ્વ-સ્વભાવ સિવાય જેટલા વિકલ્પ અને બાહ્ય જ્ઞેયો તે બધાનો રસ તૂટી ગયો છે. ધ્યાનમાં ઉતરે ત્યાં જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય એક થઈને આનંદનો રસ આવે, એટલી મોકળાશ રાખીને રાગમાં-બહારમાં આવે છે. ૩૫૫.

● જ્યારે આ આત્મા પોતે રાગથી ભિન્ન પડીને સ્વમાં એકાગ્ર થાય છે ત્યારે કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ ઉદિત થાય છે અને દર્શનજ્ઞાન સ્વભાવમાં અસ્તિત્વરૂપ જે આત્મતત્ત્વ તેમાં એકત્વગતપણે વર્તે ત્યારે તે આત્મા સ્વસમયમાં આવ્યો તેથી તેને આત્મા કહ્યો. ૩૫૬.


● પ્રભુને રાગના સંબંધવાળો કહેવો તે દુઃખરૂપ છે. રાગની એકતા તોડીને, રાગને જીતીને, સ્વભાવની એકતા કરે તો સાચો જૈન કહેવાય. કાયમી લક્ષણ સ્વભાવ સાથે નકલી ભાવ જોડવો તે દુઃખરૂપ છે, ખેદ છે. પ્રભુ જિનસ્વરૂપી આત્માને નાનામાં નાના રાગના રજકણ સાથે સંબંધ જણાવવો તે વિસંવાદ છે, દુઃખરૂપ છે. ૩૫૭.

● પવિત્ર વસ્તુ અપવિત્રપણે પરિણમે તે તેની શોભા નથી. વસ્તુ અકષાય સ્વરૂપ છે. તે અકષાયભાવે થાય તે તેની શોભા છે. એકપણું જેમાં છે એવી વસ્તુ રાગાદિપણે તે વિવિધપણું છે તેથી તે અશોભનીક છે. ચૈતન્યનું જે ત્રિકાળીક સ્વરૂપ છે તેનો વિચાર કરવામાં આવે તો એકપણું જ શોભનીક છે. સુંદર વસ્તુ છે તે સુંદરપણે પરિણમે તે જ શોભા છે. સત્ શાશ્વત જ્ઞાન ને આનંદ સ્વરૂપ ભગવાન એકપણામાં રહે તે તેની શોભા છે. રાગ રહિત નિર્વિકલ્પ સ્વરૂપ છે તેથી નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ એકપણું છે તે શોભા છે. ૩૫૮.

આત્મધર્મ
એપ્રિલ-૨૦૧૯
અંક-૮ ● વર્ષ-૧૩

Posted at Songadh PO
Publish on 1-4-2019
Posted on 1-4-2019

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org